નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

RNI title code no. GUJGUJ18053 RNI Reg. No. GUJGUJ/2023/85765

માલિક/એડિટર : રાજેશ ઉદયકુમાર બગડાઈ | Date :26 FEBRUARY 2025 | WEDNESDAY | Page :8 | Year : 2 | Issue :277 | Price: 2/-



સારા જહાઁ હૈ જીસકી શરણમેં, નમન હૈ ઉસ શિવજી કે ચરણ મેં, બને ઉસ શિવજી કે ચરણ કી ધુળ, આઓ મિલકર ચઢાયે હમ શ્રધ્ધા કે ફૂલ

# આજે મહાશિવરાત્રી

## શિવભકિતના રંગે રંગાશે રાજકોટઃ ગવાશે શિવમહિમાના ગાન

રાજકોટ,તા.૨૫

મહાશિવરાત્રી ભગવાન શંકરને સમર્પિત દિવસ છે. આજે હાશિવરાત્રી પર્વની ઉજવણી સાધના-આરાધના સાથે શિવભકતો કરશે.આવતીકાલે શિવાલયોમાં હરહર મહાદેવ, બમ બમ ભોલેના નાદ ગુંજી ઉઠશે. શિવ મહિકન સ્ત્રોત્ર, રૂદ્ર પૂજા, મૃત્યુંજય જાપ સ્તોત્ર, અભિષેક, બિલ્વપૂજા વગેરે અનુષ્ઠાનોમાં શિવભકતો તદાકાર બનીને શિવ આરાધના કરશે.આજે શિવભકતો ઉપવાસ કરીને શિવ ભકિત કરશે. રાજકોટના સુપ્રસિદ્ધ શ્રી રામનાથ મહાદેવ પંચનાથ મહાદેવ, જાગનાથ મહાદેવ ,મહાકાલેશ્ર્વર મહાદેવ, ઘાટેશ્ર્વર મહાદેવ, કાશી વિશ્ર્વનાથ મહાદેવ સહિતના વિવિધ વિસ્તારોમાં આવેલા શિવમંદિરોમાં આવતીકાલે ભકતો ભકતોની ભીડ જોવા મળશે.દશનામ ગોસ્વામી સમાજ દ્વારા આવતીકાલે બપોરે ૨ વાગે સ્વયંભૂ રામનાથ મહાદેવ, રામનાથપરા ચોકથી ભવ્ય શિવરથ યાત્રાનો પ્રારંભ થશે અને વિવિધ માર્ગો પરથી પસાર થઈને માણિતેશ્ર્વર મહાદેવ મંદિર સંતકબીર રોડ ખાતે રથયાત્રાનું સમાપન થશે.શિવશોભાયાત્રાનું પ્રસ્થાન સાંસદ પુરુષોત્તમ રૂપાલા કરાવશે, આ પ્રસંગે ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ ઉપસ્થિત રહેશે.આર્ષ વિદ્યા મંદિર, આનંદ નિકેતન ટ્રસ્ટ દ્વારા મહાશિવરાત્રી પર્વના પાવન અવસરને અનુલક્ષીને વિશેષ ધર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૨૫ અને ૨૬ ફેબ્રુઆરી, બુધવાર અને ગુરુવારના દિવસે શ્રી સોમેશ્ર્વર મહાદેવ મંદિરમાં આ મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવશે, જેમાં અનેક ભક્તજનોના ઉપસ્થિત રહેશે. આ અવસરે વિવિધ ધાર્મિક પ્રવૃત્તિઓ શ્રી સોમેશ્ર્વર મહાદેવનું ષોડષોપચાર પૂજન તથા એકાદશદ્રવ્યોથી રુદ્રાભિષેક તથા અર્ચના, ત્રિંશતિ લઘુરુદ્ર હોમાત્મક યજ્ઞ, નૃત્ય-શિવલીલા, શ્રી સોમેશ્ર્વર મહાદેવનું લઘુન્યાસ સહિત મહાપૂજન, એકાદશદ્રવ્ય રુદ્રાભિષેક, અર્ચના તથા આરતી, મહા આરતી, દ્વિતીય પ્રહર પૂજન, તૃતીય પ્રહર પૂજન, ચતુર્થ પ્રહર પૂજન, પ્રસાદ વિતરણ, ફળાહાર વગેરે નું આયોજન કરવામાં આવ્યું છે.

# CBSE ૧૦મા ધોરણની એક્ઝામ ૨૦૨૬થી વર્ષમાં બે વાર લેશે

## પહેલી પરીક્ષા ૧૭ ફેબ્રુઆરીથી ૬ માર્ચ, બીજી પરીક્ષા ૫ મેથી ૨૦ મે દરમિયાન યોજાશે

નવી દિલ્હીઃ સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE)એ ૨૦૨૬ થી વર્ષમાં બે વાર ધોરણ ૧૦ની બોર્ડ પરીક્ષાઓ યોજવા માટેના ડ્રાફ્ટ રેગ્યુલેશનને મંજૂરી આપી દીધી છે. બધા સ્ટેક હોલ્ડર્સ ૯ માર્ચ સુધી ડ્રાફ્ટ પર પોતાનો પ્રતિભાવ આપી શકે છે, ત્યારબાદ આ પોલિસીને અંતિમ સ્વરૂપ આપવામાં આવશે.



બોર્ડની પરીક્ષા બે વાર ક્યારે લેવામાં આવશે, શું બે વાર પરીક્ષા આપવી જરૂરી રહેશે, અંતિમ પરિણામ કેવી રીતે નક્કી થશે? આ નિયમ ૨૦૨૫-૨૬ સત્રથી લાગુ થશે. આનો અર્થ એ થયો કે વર્ષ ૨૦૨૬માં, બોર્ડ પરીક્ષાઓ બે વાર લેવામાં આવશે. પરીક્ષાનો પ્રથમ તબક્કો ૧૭ ફેબ્રુઆરીથી ૬ માર્ચ ૨૦૨૬ સુધી ચાલશે, જયારે બીજો તબક્કો ૫ મે થી૨૦ મે ૨૦૨૬ સુધી ચાલશે.

જે વિદ્યાર્થીઓ બંને વખત બોર્ડની પરીક્ષા આપે છે, તેમના માટે બંનેમાંથી જે પરિણામ સારું હશે તેને અંતિમ ગણવામાં આવશે. એટલે કે, જો બીજી વખત પરીક્ષા આપ્યા પછી ગુણ ઘટે છે, તો પ્રથમ પરીક્ષાના ગુણ અંતિમ ગણવામાં આવશે.બંને પરીક્ષાઓ સંપૂર્ણ અભ્યાસક્રમ પર આધારિત હશે. બંને પરીક્ષાઓમાં પરીક્ષાનું ફોર્મેટ પણ એકસરખું રહેશે. તેનો ડ્રાફ્ટ ઓગસ્ટ ૨૦૨૪માં તૈયાર કરવામાં આવ્યો હતો. આ દરમિયાન શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને કહ્યું હતું કે- જેમ વિદ્યાર્થીઓ પાસે એન્જિનિયરિંગ કોલેજોમાં પ્રવેશ માટે વર્ષમાં બે વાર સંયુક્ત પ્રવેશ પરીક્ષા આપવાનો વિકલ્પ છે, તેવી જ રીતે વિદ્યાર્થીઓ વર્ષમાં બે વાર ધોરણ ૧૦ની પરીક્ષા આપી શકશે.

નો ફેવર, નો ફિઅર...
સામના મિરર
Dt.26/2/2025 WEDNESDAY 



## તંત્રી લેખ
–રાજેશ યુ. બગડાઈ

# ભારતની લોજિસ્ટિક્સ અવરજવર



ઈ-કોમર્સ કંપનીઓ સહિત માલસામાનની વધતી જતી અવરજવર અને છેવાડા સુધીના વિસ્તારો સુધી વધતી જતી હિલચાલ ભારતીય શહેરોમાં વધતી ભીડ, અવાજ અને ધ્વનિ પ્રદૂષણ માટે જવાબદાર છે. શહેરોમાં માલસામાનની હેરફેરનું સંચાલન કરવા અને લોજિસ્ટિક્સ ખર્ચ ઘટાડવા માટે, ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઑફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડએ મહાનગરો માટે કોમ્પ્રીહેન્સિવ અર્બન લોજિસ્ટિક્સ પ્લાન તૈયાર કર્યો છે. તેની શરૂઆત બેંગલુરુ અને દિલ્હીથી થઈ છે. આ પહેલને આવકારવી જોઈએ કારણ કે તેનો ઉદ્દેશ્ય નૂર અને લોજિસ્ટિક્સ વ્યવસ્થાપનને સુવ્યવસ્થિત કરવાનો છે અને સ્થાયીતા લક્ષ્યોને પ્રોત્સાહન આપતી વખતે જીવનની એકંદર ગુણવત્તામાં સુધારો કરવા જેવી ભીડ અને પ્રદૂષણની બાહ્યતાઓને દૂર કરવાનો છે. આ પ્લાન ૨૦૨૨માં રજૂ કરાયેલ રાષ્ટ્રીય લોજિસ્ટિક્સ નીતિ સાથે પણ સુસંગત છે જેમાં શહેરી સ્તરની લોજિસ્ટિક્સ યોજનાઓના વિકાસનો સમાવેશ થાય છે.

નેશનલ કાઉન્સિલ ઓફ એપ્લાઇડ ઈકોનોમિક રિસર્ચના અંદાજો દર્શાવે છે કે લોજિસ્ટિક્સ ખર્ચ ૨૦૨૧-૨૨માં જીડીપીના ૭.૮થી ૮.૯ ટકા રહેશે. શહેરી વિસ્તારોમાં ઈ-કોમર્સ ક્ષેત્રમાં, શહેરોમાં વાહનોની છેલ્લા માઈલની હિલચાલ કુલ લોજિસ્ટિક્સ ખર્ચના ૫૦ ટકા હિસ્સો ધરાવે છે. આ ઉપરાંત, શહેરી નૂર પરિવહન દેશના કુલ નૂર-સંબંધિત કાર્બન ડાયોક્સાઇડ ઉત્સર્જનમાં ૧૦ ટકા હિસ્સો ધરાવે છે અને આંતર-શહેર પરિવહન-સંબંધિત નાઈટ્રોજન ઓક્સાઇડ અને રજકણોના ઉત્સર્જનમાં સૌથી મોટો ફાળો આપનાર છે. આ લોજિસ્ટિક્સ ખર્ચને નિયંત્રિત કરવા માટે વ્યવસ્થિત યોજના બનાવવાની જરૂરિયાતને રેખાંકિત કરે છે.

જાપાન અને ઘણા યુરોપિયન દેશો જેમ કે જર્મની અને ફ્રાન્સ શહેરી લોજિસ્ટિક્સમાં અગ્રેસર છે. ભારતે આ બાબતે વૈશ્વિક શ્રેષ્ઠ પદ્ધતિઓ અપનાવવી જોઈએ. આમાં ટ્રિપ્સની સંખ્યા અને તેમના ખર્ચને ઘટાડવા માટે વિશ્લેષણનો ઉપયોગ કરીને ચોક્કસ રૂટીંગનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, પેકિંગ ડિઝાઇન અને વર્તનની મદદથી લોડ ફેક્ટર વધારવું પણ ટ્રિપ્સ ઘટાડવામાં મદદરૂપ થશે. મલ્ટી-યુઝ લેન અને નાઈટ ડિલિવરીની મદદથી શહેરી ફ્રેઈટ ડિલિવરીની ઉત્પાદકતામાં વધારો થશે અને તેમાં ડિજિટલ પ્લેટફોર્મની મદદથી લોડ મેચિંગ અને સમયનો બગાડ અટકાવવાનો પણ સમાવેશ થશે.

અભ્યાસો દર્શાવે છે કે મોટા વાહનો પર નૂર ખસેડવાથી પરિવહન ખર્ચ-અસરકારક બને છે અને કાર્બન ડાયોક્સાઇડ ઉત્સર્જન ઘટાડે છે. આ એટલા માટે છે કારણ કે મોટા વાહનો એક સમયે વધુ સામાન લઈ જઈ શકે છે. નીતિ આયોગના અહેવાલ મુજબ, ભારે માલસામાનને રેલ્વેમાં સ્થાનાંતરિત કરીને, ટ્રકના ઉપયોગમાં સુધારો કરીને અને ક્લીનર ઇંધણનો ઉપયોગ કરીને, ભારત ૨૦૫૦ સુધીમાં ૧૦ ગીગાટન જેટલું કાર્બન ઉત્સર્જન ઘટાડી શકે છે અને કુલ પાર્ટિક્યુલેટ મેટર અને નાઈટ્રોજન ઓક્સાઇડના ઉત્સર્જનમાં અનુક્રમે ૨૮% ઘટાડો કરી શકે છે.

જો કે, કોમ્પ્રીહેન્સિવ અર્બન લોજિસ્ટિક્સ પ્લાનનો અમલ પણ સમસ્યાઓથી ભરપૂર છે. દેશના મોટાભાગના શહેરોમાં માત્ર ૧૦ થી ૧૨ ટકા જમીન જ રસ્તાઓથી આવરી લેવામાં આવી છે, જે વૈશ્વિક ધોરણ કરતાં અડધી છે. આ ઉપરાંત કોઈ વિસ્તાર ડેવલપ થયા પછી ત્યાં રસ્તા બનાવવા મોંઘા પડે છે. માનવ વિકાસ અને શહેરી માર્ગો પર વધુ પડતા વાહનો પણ ઘણીવાર જુદા જુદા કારણોસર નૂરની અવરજવરને અવરોધે છે. આવી સ્થિતિમાં, કોમ્પ્રીહેન્સિવ અર્બન લોજિસ્ટિક્સ પ્લાનની સફળતા રાજ્ય સરકાર અને શહેરી સ્થાનિક સંસ્થાઓ પર નિર્ભર છે. શહેરોને સંસાધનોથી સમૃદ્ધ બનાવવું ખૂબ જ જરૂરી છે.

# ૧૯૮૪ના શિખ વિરોધી રમખાણ કેસમાં સજ્જનકુમારને આજીવન કારાવાસ

નવી દિલ્હીઃ દિલ્હીના ૧૯૮૪ના શિખ વિરોધી રમખાણમાં કોંગ્રેસના સજ્જનકુમારને દિલ્હીની ટ્રાયલ કોર્ટે આજીવન કારાવાસની સજા ફટકારી હતી. ૧૯૮૪માં તત્કાલીન વડાપ્રધાન ઈન્દીરા ગાંધીની હત્યા બાદ શીખ સમુદાય સામે ફાટી નિકળેલા રોષના પરિણામે આ સમુદાય પર વ્યાપક હિંસા થઈ હતી.

તેમાં કોંગ્રેસના અનેક નેતાઓએ ટોળાને ઉશ્કેરવા સહિતની ભૂમિકા ભજવી હતી જેમાં સજ્જનકુમાર દિલ્હીના સરસ્વતી વિહાર ક્ષેત્રમાં શિખ પરિવાર પર હુમલો કરનાર ટોળાનું નેતૃત્વ લીધુ હતું.

જેમાં આ પરિવારના પિતા-પુત્રને જીવતા સળગાવી દેવાયા હતા અને અનેક પર હુમલા થયા જે કેસમાં જબરા કાનુની જંગ બાદ અંતે સજ્જનકુમારને દોષીત જાહેર કરાયા બાદ આજે આજીવન કારાવાસની સજા ફટકારાઈ છે. જો કે અદાલતે મોતની સજાની ફરિયાદ પક્ષની માંગણી ફગાવતા તેને 'રેરેસ્ટ ઓફ રેર' ગણવાનો ઈન્કાર કર્યો હતો.

# ભારતની ચાર તથા ઈરાનની ૧૬ કંપનીઓ પર અમેરિકાનો પ્રતિબંધ




નવી દિલ્હી,તા.૨૫

ભારત સહિત દેશો પર ટેરિફ ઝીંકવાની ધમકી ઉચ્ચારી રહેલા અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આક્રમક વલણ જારી રાખ્યુ હોય ભારત સહિત ઈરાનની ૧૬ કંપનીઓ પર પ્રતિબંધ લગાવ્યો છે.અમેરિકી નાણાં મંત્રાલય દ્વારા જારી કરાયેલા નિવેદન મુજબ ભારતની ચાર કંપનીઓ પર પ્રતિબંધ મુકાયો છે તેમાં આસ્ટીનશીપ મેનેજમેન્ટ પ્રા.લી. બીએસએમ મરીન, કાસમોસ લાઈન્સ ઈન્ક તથા કલકસ મેરીટાઈમનો સમાવેશ થાય છે.

ઈરાન દ્વારા ત્રાસવાદીઓને પ્રોત્સાહન-આર્થિક મદદ રોકવા માટે આ પ્રકારની કાર્યવાહી ચાલુ રાખવાનું જાહેર કર્યુ છે. ઈરાનની તેલ અને પેટ્રોકેમીકલ્સ ક્ષેત્ર સાથે વ્યાપારીક વ્યવહાર- સાંઠગાંઠ ધરાવતી હોવાને કારણે ભારતીય કંપનીઓ પર પ્રતિબંધ મુકાયો છે.

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનના ક્રુડ વેચાણને નિશાન બનાવીને પ્રતિબંધોને આ બીજો ડોઝ આપ્યો છે. ઈરાન પર મહતમ દબાણ સર્જવાની અમેરિકાની રણનીતિ છે. નિવેદનમાં એમ કહેવાયુ છે કે ઈરાનના ક્રુડ તથા પેટ્રોકેમીકલ્સ ક્ષેત્ર સાથે સંકળાયેલી હોવાથી ઈરાનની ૧૬ કંપનીઓ તથા જહાજો પર પ્રતિબંધ મુકવામાં આવે છે. આ શીપીંગ નેટવર્ક એશિયન ગ્રાહકોને ક્રુડતેલ લોડ કરવા તથા તેના પરિવહનમાં પોતાની ભૂમિકા છુપાવવામાં આવી રહી હતી.યુક્રેન સાથેના યુદ્ધના ત્રણ વર્ષ પૂર્ણ થવા પર બ્રિટને રશિયા સામેનુ સૌથી મોટુ કદમ ઉઠાવ્યુ છે. રશિયાને સૈન્ય-શસ્ત્ર સપ્લાયમાં સામેલ ભારતીય કંપની ઈનસિયા ઈમ્પેકસ પર પ્રતિબંધ મુકવાની જાહેરાત કરી છે.

મશીન ઉપકરણો, શસ્ત્રો માટે ઉપયોગમાં લેવાતા માઈક્રોપ્રોસેસર સપ્લાય કરતી ભારત ઉપરાંત તુર્કી, થાઈલેન્ડ તથા ચીનની કંપનીને પણ નિશાન બનાવી છે.

# મહાશિવરાત્રી પુર્વે મહાકુંભ - વારાણસી - અયોધ્યામાં મોટી ભીડ : તંત્ર એલર્ટ

## મહાકુંભમાં આજે અંતિમ અમૃત સ્નાન પુર્વે માનવમહેરામણ : વારાણસી પણ ચિક્કાર : ઉતરપ્રદેશના તમામ ધાર્મિક જીલ્લામાં એલર્ટના આદેશ



પ્રયાગરાજ,તા.૨૫

પ્રયાગરાજના મહાકુંભનો આવતીકાલે મહાશિવરાત્રીનો દિવસ છેલ્લો હતો અને ૧૩મી જાન્યુઆરીથી ચાલી રહેલા વિશ્વના સૌથી મોટા ધાર્મિક મેળાનુ સમાપન થશે તે પુર્વે મોટીમાત્રામાં ભાવિકો ઉમટવા લાગતા તંત્ર એલર્ટ બન્યુ છે.

મહાશિવરાત્રી પુર્વે મહાકુંભ ઉપરાંત વારાણસી તથા અયોધ્યામાં પણ ભાવિકોનો મહાસાગર છલકાયો છે જેને પગલે વ્યવસ્થા સંભાળવા વધારાનો સ્ટાફ તૈનાત કરવામાં આવ્યો છે. કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને ભીડ નિયંત્રીત રહે તે માટે સુરક્ષા સહિતની ગોઠવણો કરવામાં આવી છે.

રાજય સરકાર દ્વારા અયોધ્યા, વારાણસી, મિર્જાપુર સહિત તમામ ધાર્મિક જીલ્લામાં તંત્રને એલર્ટ રહેવાના આદેશ કરાયા છે. મહાકુંભમાં અત્યાર સુધીમાં એટલે કે સોમવાર સુધીમાં સ્નાન કરનારા શ્રદ્ધાળુઓનો આંકડો ૬૩ કરોડે પહોંચી ગયો હતો. સ્નાન કરનારાઓમાં ફિલ્મી સ્ટાર્સ પણ સામેલ થઈ ચૂકયા છે.

સોમવારે અક્ષયકુમાર, કેટરીના કેફ, પ્રીતિ ઝીંટાએ પણ સંગમમાં ડૂબકી લગાવી હતી. જયારે અનેક રાજનીતિક હસ્તીઓ પણ મહાકુંભમાં પહોંચી હતી. આવતીકાલે મહાશિવરાત્રીનું પર્વ છે. મહાકુંભમાં સ્નાન બાદ શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં કાશી તરફ જઈ રહ્યા છે. આ સ્થિતિમાં ત્યાં ડ્રોનથી નજર રાખવામાં આવી રહી છે. સુરક્ષા વધારવામાં આવી છે.સાથે સાથે કાશી વિશ્વનાથ મંદિરમાં મહા શિવરાત્રીના અવસરે શ્રદ્ધાળુઓની ભીડ જોતા ૨૫થી૨૭ ફેબ્રુઆરી સુધી વીઆઈપી દર્શન પર રોક લગાવી દેવામાં આવી છે.

વારાણસીના કાશી વિશ્વનાથ મંદિરના મુખ્ય કાર્યપાલક અધિકારી વિશ્વ ભૂષણ મિશ્રાએ જણાવ્યું હતું કે મહા શિવરાત્રીએ મોટી સંખ્યામાં વિભિન્ન અખાડાના સાધુ, સંતો અને નાગા સાધુ કાશી વિશ્વનાથ મંદિરમાં દર્શન-પૂજન કરશે. આ અવસરે નાગા અખાડા તરફથી શોભાયાત્રા કાઢીને દર્શન પૂજન કરવામાં આવશે. જેથી મંદિરના ગેટ નં.૪ થી સામાન્ય લોકોનો પ્રવેશ બંધ થશે.

બધા જિલ્લા માટે એલર્ટ જાહેરઃ મહાકુંભ અને મહાશિવરાત્રીને લઈને ડીજીપીએ અધિકારીઓને નિર્દેશ આપ્યા હતા કે મહાકુંભમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુ લોકો બધા રાજયમાંથી આવી રહ્યા છે, જે પ્રયાગરાજની સાથે સાથે અન્ય ધાર્મિક જિલ્લા જેમકે અયોધ્યા, વારાણસી, મિર્ઝાપુરમાં પણ દર્શન માટે જઈ રહ્યા છે, એટલે બધા જિલ્લામાં ખાસ સતર્કતા રાખવામાં આવે. આવતીકાલે મહાશિવરાત્રીએ મહાકુંભમાં અંતિમ સ્નાન માટે ફરી એક વખત માનવ સમંદર સર્જાવાની ગણતરીથી સરકાર-વહીવટીતંત્ર વધુ સતર્ક બન્યુ છે. અંતિમ મુખ્ય સ્નાન માટે માર્ગદર્શિકા જારી કરી છે

જે અંતર્ગત જે માર્ગોથી શ્રદ્ધાળુઓ આવે તેની નજીકના જ ઘાટ પર તેઓને સ્નાન કરવા- ડુબકી લગાવવાનું ફરજીયાત કરવામાં આવ્યું છે.

આ માટે ઝોનલ સ્કીમ લાગુ કરવામાં આવી છે અને આજથી જ તેનો અમલ શરૂ કરી દેવામાં આવ્યો છે. સમગ્ર મહાકુંભ ક્ષેત્ર નો-વ્હીકલ ઝોન તરીકે યથાવત રહેશે. અંતિમ સ્નાનમાં એક કરોડ ભાવિકો ઉમટે તેવો અંદાજ મુકવામાં આવ્યો છે.

# તમામ નાગરિકોને પેન્શનઃ યુનિવર્સલ સ્કીમ લાગુ કરવા કેન્દ્રની તૈયારી

## નોકરીયાત ઉપરાંત વેપારી-વ્યાવસાયિક-કામદારો કે કોઈ કામ ન કરતા હોય તેને પણ લાભ મળશે

નવી દિલ્હી તા.૨૫

કેન્દ્ર સરકારનો કર્મચારીઓના પગાર કરતા પેન્શનનો ખર્ચ વધી ગયાના રીપોર્ટ વચ્ચે દેશનાં તમામ નાગરીકો-વૃધ્ધોને નિવૃતિનાં વર્ષોમાં સામાજીક સુરક્ષા મળે તે માટે 'યુનિવર્સીલ પેન્શન સ્કીમ' લાગુ કરવાની તૈયારી શરૂ કરવામાં આવી છે.કેન્દ્રીય શ્રમ મંત્રાલય દ્વારા આ મામલે વાટાઘાટોનો દોર શરૂ કરવામાં આવ્યો છે.

કેન્દ્ર સરકારનાં સીનીયર સુત્રોએ કહ્યું કે સ્વૈચ્છીક તથા યોગદાન સાથેની આ યોજનાને રોજગારી સંલગ્ન નહીં હોય અને તમામ માટે ખુલ્લુ રહેશે. સ્કીમમાં યોગદાન આપીને જીવનભર પેન્શન મેળવી શકાશે.

પ્રોવીડન્ટ ફંડ સંગઠન દ્વારા યોજનાની સમગ્ર રૂપરેખા ઘડવામાં આવી રહી છે. આ કવાયત પૂર્ણ થયા બાદ સંબંધીત પક્ષકારોના સલાહ સુચનો મેળવીને સ્કીમને અંતિમ સ્વરૂપ આપી દેવામાં આવશે. નવી સુચિત પેન્શન સ્કીમને આકર્ષક બનાવવા માટે કેન્દ્રની કેટલીક વર્તમાન કલ્યાણકારી યોજનાઓને તેમાં મર્જ કરી દેવાશે. એટલે સમાજનાં તમામ વર્ગો તેનો લાભ લઈ શકે ૬૦ વર્ષ પછીની ઉંમરથી પેન્શન મેળવવા માટે ૧૮ વર્ષથી ઉપરની




કોઈપણ વ્યકિતને તેમાં જોડાવાની છુટ રહેશે. બીન સંગઠીત ક્ષેત્રનાં કામદારો, વેપારીઓ, વ્યાવસાયિકો, સ્વરોજગારી મેળવતા લોકો સહીત કોઈપણ સામેલ થઈ શકશે. સુત્રોએ કહ્યું કે પ્રધાનમંત્રી શ્રમયોગી માનધન સ્કીમ વેપારીઓ તથા વ્યાવસાયિકો માટેની નેશનલ પેન્શન સ્કીમ જેવી યોજનાઓ પણ સુચિત સ્કીમમાં મર્જ કરી દેવાશે. આ બન્ને સ્કીમ સ્વૈચ્છીક છે અને ૬૦ વર્ષની ઉંમર બાદ રૂા.૩૦૦૦ ના માસીક પેન્શનની જોગવાઈ ધરાવે છે. પેન્શન રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરીટીના સંચાલન હેઠળની અટલ પેન્શન યોજના પણ તેમાં મર્જ કરી દેવાશે. આ સિવાય બિલ્ડીંગ એન્ડ કન્સ્ટ્રકશન વર્કર્સ કાયદા હેઠળ ઉઘરાવાની સેસની રકમ પણ આ ફંડમાં આવરી લેવાશે. કેન્દ્ર સરકાર રાજયોને પણ પોતપોતાની પેન્શન યોજનાઓને નવી સ્કીમમાં સામેલ કરી લેવા સુચવશે જેનાથી નવી સ્કીમ સુસંગત બની શકે અને લોકોને વધુ રકમ મળી શકવા ઉપરાંત લાભાર્થીને બેવડા લાભ અટકાવી શકાય.ભારત સરકારનાં અંદાજ પ્રમાણે દેશમાં ૨૦૩૬ સુધીમાં ૬૦ વર્ષથી વધુની વય ધરાવતા લોકોની સંખ્યા ૨૨.૭ કરોડ અને ૨૦૫૦ સુધીમાં ૩૪.૭ કરોડના સ્તરે પહોંચી જશે. અમેરિકા,યુરોપ, કેનેડા ચીન સહીતનાં સામાજીક સુરક્ષા હેઠળના લાભો મળે છે.ભારતને લાગેવળગે છે ત્યાં સુધી માત્ર નોંધાયેલા લાભાર્થીઓને જ વૃદ્ધત્વ પેન્શન મળતુ હોય છે અને તેનો લાભ મોટાભાગે ગરીબી રેખા હેઠળના પરિવારોને જ મળે છે.

નો ફેવર, નો ફિઅર...
સામના મિરર
Dt.26/2/2025 WEDNESDAY


# જુનાગઢ મહાપાલિકા અને ૬૬ નગરપાલિકાઓના સુકાની પસંદ કરવા આજથી ભાજપના નિરીક્ષકો સેન્સ લેશે

### પ્રદેશ દ્વારા નિરીક્ષકો નિયુકત : તા. ૨૫, ૨૬, ૨૭ સેન્સ પ્રક્રિયા ચાલશે : તા. ૧ના રોજ પ્રદેશ પાર્લામેન્ટ્રી બોર્ડમાં નામોને બહાલી : માર્ચના પ્રથમ સપ્તાહમાં જ નવા સુકાનીઓની વરણી થઇ જશે

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણીમાં ભાજપે ભવ્ય વિજય મેળવ્યા બાદ હવે ૬૬ નગરપાલિકાઓ અને જુનાગઢ મહાનગરપાલિકામાં પ્રમુખ સહિતના હોદ્દેદારોની પસંદગી કરવા માટે આવતીકાલથી ત્રણ દિવસ માટે ભાજપ દ્વારા સેન્સની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

અને તેમાં પ્રદેશ દ્વારા નિયુકત નિરીક્ષકોની ટીમ પહોંચીને ચૂંટાયેલા સભ્યોની સેન્સ લેશે અને તેમનો રીપોર્ટ પ્રદેશના બોર્ડને સુપ્રત કરશે અને ત્યારબાદ તા. ૨૮ અથવા તા.૧ માર્ચના રોજ ભાજપ પ્રદેશ પાર્લામેન્ટ્રી બોર્ડની બેઠક મળશે અને તેમાં પદાધિકારીઓની પસંદગી કરવામાં આવશે આમ માર્ચના પ્રથમ સપ્તાહમાં ભાજપે જીતેલી તમામ ૬૬ નગરપાલિકાઓ અને જુનાગઢ મહાનગરપાલિકામાં નવા પદાધિકારીઓની નિયુકિત થઇ જશે. એક તરફ ભાજપે તેના સંગઠનની કામગીરીને વેગ આપ્યો છે.તો બીજી તરફ પ્રદેશ દ્વારા હવે સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં જે નવા પ્રમુખ, ઉપપ્રમુખ અને અન્ય હોદેદારોની નિયુકિત કરવાની છે તે મુદો હાથમાં લીધો છે અને તેમાં મહત્વપૂર્ણ રીતે સૌનું. ધ્યાન જુનાગઢ મહાનગરપાલિકા પર છે, સમગ્ર ચૂંટણીમાં જુનાગઢનો જંગ મહત્વપૂર્ણ બની ગયો હતો અને ભાજપે તેમાં ૬૦ બેઠકોમાંથી ૪૮ બેઠકો જીતી છે અને તેમાં પણ નવા મેયર, ડે.મેયર સહિતની ચૂંટણીઓ યોજાશે. સુત્રોના જણાવ્યા મુજબ ભાજપે આ માટેનું રોટેશન પુરૂ કર્યુ છે તે મુજબ નવા મેયર, ડે.મેયર અને સ્ટે.ચેરમેનની પસંદગી થશે.

તા. ૧ના રોજ ગાંધીનગરમાં ભાજપનું પાર્લામેન્ટ્રી બોર્ડ મળનાર છે અને તેમાં નવા સુકાનીઓની પ્રક્રિયા હાથ ધરાશે. ૬૬ નગરપાલિકાઓમાં ભાજપે તેની જ તાકાતથી બહુમતી મેળવી છે જયારે સલાયા સિવાયની નગરપાલિકામાં પણ ભાજપનું શાસન આવશે તેવા સંકેત છે જે નગરપાલિકાઓમાં ભાજપ અને અપક્ષ બંને સરખે સરખી બહુમતી ધરાવે છે ત્યાં ભાજપે ઓપરેશન લોટસથી અપક્ષોને સાથે રાખીને સતા કબ્જે કરવા માટે તૈયારી કરી છે અને તેમાં પણ અલગથી વિચારણા કરીને અપક્ષોને સાથે રાખી નવી બોડીની રચના કરવામાં આવશે.

ગુજરાતમાં એક તરફ ભાજપે જુનાગઢ મહાનગરપાલિકા અને ૬૬ નગરપાલિકાઓ તેમજ ત્રણ તાલુકા પંચાયતોના સુકાની નકકી કરવા માટે નિરીક્ષકોની નિયુકિત કરી છે તે સમયે સંગઠન મહામંત્રી રત્નાકરનો સૌરાષ્ટ્ર પ્રવાસ પણ શરૂ થતા સૌરાષ્ટ્રમાં ઉતેજના છવાઇ ગઇ છે. ભાજપ દ્વારા સંગઠનમાં પણ આગામી દિવસોમાં જિલ્લા અને મહાનગરના નવા હોદેદારો નિયુકત થવાના છે.તો તે માટે અગાઉથી સેન્સ લેવાઇ ગઇ છે પરંતુ અનેક સ્થળો પર વિખવાદના કારણે તેમજ સ્થાનિક સ્વરાજની ચૂંટણી આવી જતા આ નિયુકિત મુલત્વી રાખવામાં આવી હતી અને હવે ચૂંટણીઓ સંપન્ન થઇ ગઇ છે તેથી ફરી એક વખત આગામી એક બે દિવસમાં નવા સુકાનીઓ જિલ્લા અને મહાનગરમાં મળશે તેવા સંકેત છે તે સમયે રત્નાકર આજે જુનાગઢ પહોંચી રહ્યા છે અને તેઓ શિવરાત્રીના મેળામાં હાજરી આપશે. આ ઉપરાંત બાદમાં તેઓ સોમનાથ પણ જવાના છે અને મહાદેવના દર્શન કરશે. આ દરમ્યાન તેઓ જયાં જયાં ભાજપ માટે સંગઠનના વિવાદ છે ત્યાં પણ સ્થાનિક પદાધિકારીઓને મળશે તેવા સંકેત છે અને રત્નાકરનું આગમન થતા હવે સૌરાષ્ટ્રમાં નવા જિલ્લા અને મહાનગર પ્રમુખોની નિયુકિત પણ હાથવેંતમાં હોવાનો સંકેત છે.

## અમરેલી લેટરકાંડઃ DGP વિકાસ સહાય એક્શન મોડમાં, ત્રણ PI-PSIની તાત્કાલિક બદલી




અમરેલી લેટરકાંડ મુદ્દે રાજ્યના પોલીસવડા વિકાસ સહાયે કાર્યવાહી કરી ત્રણ પોલીસ ઈન્સ્પેક્ટર અને પોલીસ સબ-ઈન્સ્પેક્ટરની તાત્કાલિક બદલી કરી છે. વાસ્તવમાં પાયલ ગોટી ગંભીર આક્ષેપો કર્યા હતા અને આ મુદ્દો વિધાનસભામાં પણ ગૂંજ્યો હતો. ત્યારબાદ પોલીસ વડાએ ડઈં-ડજઈંની તાત્કાલિક બદલી કરી દીધી છે. રાજ્યના પોલીસ વડા જે ત્રણની બદલી કરી છે, તેમાં અમરેલીના પીઆઈ (એલસીપી) એ.એમ.પટેલની કચ્છ પશ્ચિમ ભુજ ખાતે બદલી કરી દીધી છે. જ્યારે અમરેલી સાયબર ક્રાઈમના પીઆઈ એ.એમ.પરમારની વડોદરા શહેર ખાતે અને અમરેલી એલસીબી પીએસઆઈ કુસુમબેન પરમારની વડોદરા ગ્રામ ખાતે બદલી કરી દીધી છે. રાજ્યના પોલીસ વડાએ આ બદલીઓને જાહેર હિતમાં લેવાયેલો નિર્ણય ગણાવ્યો છે. તેમણે કહ્યું કે, પોલીસ તંત્રમાં ભ્રષ્ટાચાર-ગેરરીતિ આચરનારા કોઈપણ અધિકારીને છોડવામાં નહીં આવે.

અમરેલીમાં તાલુકા પંચાયત પ્રમુખ કિશોર કાનપરિયાના નામવાળો નકલી લેટરપેડ સોશિયલ મીડિયામાં વાઈરલ કરાયો હતો. આ મામલે કાનપરિયાએ પોલીસમાં ફરિયાદ કરી હતી અને કેન્દ્રીય મંત્રી સી. આર. પાટીલને પત્ર લખીને ઘટના અંગે જાણકારી આપી હતી. નકલી લેટરપેડમાં ધારાસભ્ય કૌશિક વેકરિયા પર ગંભીર આરોપો મૂકાયા હોવાથી વેકરિયાના સમર્થકો ગાંધીનગર સુધી પહોંચ્યા હતા. સમગ્ર મામલો જિલ્લા પોલીસ વડા સુધી પહોંચતા લોકલ ક્રાઇમ બ્રાન્ચ, સાયબર ક્રાઈમ સહિતની પોલીસની ટીમો દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં પોલીસ દ્વારા ધારાસભ્યને બદનામ કરવાનું કાવતરું ઘડનારાના કેસમાં ભાજપના પૂર્વ હોદ્દેદાર અને પાટીદાર દીકરી સહિત ૪ની ધરપકડ કરી હતી. જો કે, ધરપકડ કરાયેલી પાટીદાર યુવતીને ૩ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ જામીન મળ્યા હતા અને જેલ મુક્ત થઈ હતી.

## બપોરે રાજકોટ સહિત રાજયભરના કલેકટરો સાથે મહેસુલ સચીવની વિડીયો કોન્ફરન્સઃ લેન્ડગ્રેબીંગની બેઠક મોકુફ

### પ્રવાસન સ્થળોના વિકાસના મામલે પણ સમીક્ષા



રાજકોટ તા.૨૫

રાજયના મહેસુલ સચીવ દ્વારા આજે બપોરના રાજકોટ સહિત રાજયભરના કલેકટરો સાથે વિડીયો કોન્ફરન્સ આયોજીત કરી મહેસુલી કામગીરીની સમીક્ષા કરી હતી. આ વિડીયો કોન્ફરન્સના પગલે રાજકોટ કલેકટર દ્વારા આજે બપોરના આયોજીત કરાયેલ લેન્ડ ગ્રેબીંગની બેઠક મોકુફ રાખી દેવામાં આવી હતી. આ બેઠકમાં ૧૦૦થી વધુ કેસો મુકવામાં આવેલ હતા. જયારે આજે સવારના ઉઘડતી કચેરીએ રાજય સરકારના પ્રવાસન વિભાગ દ્વારા પણ રાજકોટ સહિત રાજયના કલેકટરો સાથે વિડીયો કોન્ફરન્સ યોજી પ્રવાસન સ્થળોના વિકાસના મામલે સમીક્ષા કરી હતી.

# જંત્રી દર વધારાથી સરકારની સ્ટેમ્પ ડયુટી આવક રૂા.૩૩૦૦ કરોડ થશે

## વાંધા – સૂચનો બાદ હવે નિર્ણયની પ્રક્રિયા : ૧ એપ્રિલથી નવા દર અમલ બની જશે

### ૨૫%નો વધારો અમલી બને તો પણ તિજોરી છલકાશે : બજેટ અંદાજ રૂા.૧૯૮૦૦ કરોડ પણ તેમાં જંત્રી દર વધારાની અસર હજું ધ્યાનમાં લેવાઈ નથી : સતાવાર નિર્ણય બાદ આવક અંદાજ સુધારાશે



રાજકોટઃ ગુજરાતમાં હવે નવા જંત્રી દરના તબકકાવાર અમલની તૈયારી છે અને રાજય સરકારે બજેટમાં પણ રીયલ એસ્ટેટ સંબંધી કોઈ મોટી રાહત આપી નથી તે સમયે રાજય સરકારની સ્ટેમ્પ ડયુટી અને રજીસ્ટ્રેશન આવકમાં ૨૦૨૫/૨૬ના વર્ષમાં જંત્રી દર વધારવાના કારણે જંગી આવક વધારો થશે અને તે રૂા.૩૩૦૦ કરોડની કુલ આવક હશે.

ખુદ રાજય સરકારના અધિકારીઓ માને છે કે જે આવક ૨૦૨૪/૨૫ના વર્ષમાં રૂા.૧૬૫૦ કરોડની હતી. આમ સરકારની આવક ફકત જંત્રી દર વધારાથી ડબલ થઈ જશે. જો કે બજેટમાં આ પ્રકારે સ્ટેમ્પ ડયુટી રજીસ્ટ્રેશનની આવક રૂા.૧૯૮૦૦ કરોડની થશે તેવું દર્શાવાયુ છે.

પણ આ અંગે અધિકારીઓ કહે છે કે બજેટ તૈયારી કરતા સમયે હાલના જંત્રીદર તથા રીયલ એસ્ટેટની વર્તમાન સ્થિતિ અને ટ્રેન્ડના આધારે અંદાજીત આવકનો આંકડો તૈયાર કરવામાં આવે છે. રાજય સરકારે નવી જંત્રીના સમય અંગે હજુ કોઈ આખરી નિર્ણય લીધો નથી.

તેથી તેની અસર અંદાજીત આવકમાં દેખાય નહી તે સ્વાભાવિક છે અને જંત્રીદર વધારો નિશ્ચિત છે અને તેથી મહેસુલી આવકમાં તેની અસર પડશે અને અમારા હાલના અંદાજ કરતા તે અનેકગણી વધુ હશે.જંત્રીદર વધારા સામે વ્યાપક ઉહાપોહ થયા બાદ સરકારે તેમાં સુધારા-વધારા ટી-એસેસમેન્ટ વિ. માટે સૂચનો મંગાવ્યા હતા અને તે મળી ગયા છે.

આમ ગુજરાત સરકાર બજેટ સત્રમાં વ્યસ્ત છે અને તે સંપન્ન થયા બાદ સંભવતઃ નવા નાણાકીય વર્ષ ૧ એપ્રિલથી નવી જંત્રીનો અમલ શરૂ થઈ જશે અને જે નવા દર છે તેમાં મોટાભાગના રાજયના મહાનગરો અને જયાં ઝડપી વિકાસ છે ત્યાં અનેક ગણા નવા દર લાગુ પડશે.

કયાંક તો ૨૦૦૦ ગણો વધારો છે અને સરકાર તબકકાવાર અમલમાં મુકે તો પણ જંત્રી દરના કારણે આચાર વધારો અધધ હશે તે નિશ્ચિત છે. હાલ ૨૫% વધારો પછી દર વર્ષે ૨૫% એટલે કે તે ડબલ થવા લાગશે અને તેથી સરકારને સતત આવક વધતી જ રહેશે.

# શિષ્યવૃતિ મુદે વિધાનસભામાં ધમાલ : કોંગ્રેસનો વોક આઉટ

### આદિવાસી સમાજના મેનેજમેન્ટ કવોટામાં અભ્યાસ પ્રવેશ લેતા વિદ્યાર્થીઓને સરકારી શિષ્યવૃતિ નહીઃ સરકારે સ્પષ્ટતા કરી : આદિવાસી સમાજના વિદ્યાર્થીઓમાં ફકત મર્યાદિત વિદ્યાર્થીઓને જ શિષ્યવૃતિ નહી મળે : જો કે ગૃહના મધ્યમાં ધસી આવેલા ધારાસભ્યોને સાર્જન્ટની મદદથી બહાર કઢાયા

રાજકોટઃ ગુજરાતમાં વિધાનસભાના બજેટ સત્ર સમયે આદિવાસી વિદ્યાર્થીઓની શિષ્યવૃતિ મુદે આજે જબરો હોબાળો થયો હતો અને આમ આદમી પાર્ટીના એક તથા કોંગ્રેસના ત્રણ ધારાસભ્યોને બહાર કઢાતા તેના વિરોધમાં પુરા કોંગ્રેસ પક્ષે વોકઆઉટ કર્યો હતો.

આજે પાંચમા દિવસની કામગીરી શરૂ થતા જ આદિવાસીઓની શિષ્યવૃતિના મુદે હોબાળો શરૂ થયો હતો.આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાએ આ મુદો ઉઠાવ્યો હતો તો તેનો જવાબ આપતા શિક્ષણમંત્રી શ્રી કુબેરભાઈ ડિંડોરે જવાબ આપ્યો હતો કે જે આદિવાસીઓએ




મેનેજમેન્ટ કવોટામાં ઉંચી ફી ભરીને પ્રવેશ લીધો છે.

તેઓને જ શિષ્યવૃતિ મળશે નહી તે નિર્ણય લેવાયો છે પણ ગરીબ કે અન્ય આદિવાસીઓની શિષ્યવૃતિ યથાવત રહેશે. હવે આદીવાસીઓ માટે જે સરકારી કવોટા છે તેમાં પ્રવેશ મેળવનારને શિષ્યવૃતિ અપાશે જે યથાવત જ છે. જો કે શિક્ષણમંત્રીના જવાબથી વિપક્ષને સંતોષ થયો ન હતો અને ‘આપ’ના ચૈતર વસાવા અને કોંગ્રેસના ત્રણ આદિવાસી ધારાસભ્યો ગૃહની મધ્યમાં ધસી આવ્યા હતા. શિષ્યવૃતિ ચાલુ કરોનો નારા લગાવ્યા હતા તથા ગૃહનું કામકાજ ખોરવી નાખ્યુ હતું. જેના પગલે સીનીયર મંત્રી ઋષીકેશ પટેલે ગૃહના મધ્યમાં ધસી આવેલા ધારાસભ્યોની સામે પગલા લેવાની માંગ કરી હતી.

અધ્યક્ષે તેઓને બહાર જવા જણાવ્યું હતું પણ આ ધારાસભ્યોએ તેમના સૂત્રોચ્ચાર ચાલુ જ રાખતા અંતે સાર્જન્ટને બોલાવીને તમામને બહાર કઢાતા તેના વિરોધમાં કોંગ્રેસના બાકી તમામ ધારાસભ્યોએ વોકઆઉટ કર્યો હતો.

# છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાતના ૯૯.૪૩ લાખથી વધુ ખેડૂતોને કુલ રૂ.૧૨,૩૮૯ કરોડથી વધુની પાક નુકશાન સહાય ચૂકવાઈ: કૃષિ મંત્રી રાઘવજી પટેલ

### પાક નુકશાન સહાય પેટે ગત વર્ષે જૂનાગઢ અને પોરબંદર જિલ્લાના ૬૮,૨૨૯ ખેડૂતોને રૂ. ૧૦૦ કરોડથી વધુની સહાય અપાઈ

કૃષિ મંત્રી રાઘવજી પટેલે વિધાનસભા ગૃહમાં જણાવ્યું હતું કે, કમોસમી વરસાદ અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ અને વાવાઝોડા જેવી કુદરતી આફતોના સમયે ખેડૂતોને પાક નુકશાન સામે આર્થિક ટેકો આપવા માટે રાજ્ય સરકાર દ્વારા કૃષિ ઈનપુટ સહાય ઉપરાંત આપત્તિની તિવ્રતાને ધ્યાને લઇ રાજ્ય સરકાર દ્વારા ઉદાર અભિગમ દાખવી રાજ્ય ભંડોળમાંથી વધારાની ટોપ-અપ સહાય પણ આપવામાં આવે છે. વિધાનસભા ગૃહ ખાતે સભ્ય દ્વારા પૂછાયેલા પ્રશ્નના પ્રત્યુત્તરમાં કૃષિ મંત્રીએ ઉમેર્યું હતું કે, ગુજરાતમાં છેલ્લા પાંચ વર્ષ દરમિયાન ખેડૂતોને થયેલા પાક નુકશાન સામે ઉદાર અભિગમ દાખવી રાજ્યના ૯૯.૪૩ લાખથી વધુ ખેડૂતોને કુલ રૂ.૧૨,૩૮૯ કરોડથી વધુની સહાય ચૂકવવામાં આવી છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ખરીફ-૨૦૨૪ સિઝનમાં થયેલા ભારે વરસાદના કારણે પોરબંદર જિલ્લામાં મગફળી, કપાસ, સોયાબીન, મગ, અડદ, તુવેર, શાકભાજી અને ઘાસચારાના પાકોમાં તથા જુનાગઢ જિલ્લામાં મગફળી, કપાસ, સોયાબીન, શાકભાજી, ઘાસચારો અને બાગાયતી પાકોમાં નુકસાન થયું હતું. જેનો તાત્કાલિક સર્વે પૂર્ણ કરીને રાજ્ય સરકારે જૂનાગઢ જિલ્લાના ૧૮,૦૨૩ તેમજ પોરબંદર જિલ્લાના ૫૦,૨૦૬ ખેડૂતોને મળી ૬૮,૨૨૯ ખેડૂતોને કુલ રૂ. ૧૦૦ કરોડથી વધુ પાક નુકશાન સહાય સીધી તેમના બેંક ખાતામાં ચૂકવી છે.

# ૧૩૫નો ભોગ લેનાર મોરબીનો ઝુલતો પુલ ગુજરાત ટુરીઝમ માટે હજું 'અજાયબી'

## સરકારી બેદરકારી – ભ્રષ્ટાચારનું પ્રતિક બનેલા એક સમયના ઐતિહાસિક પુલના 'ગુણગાન' ગવાય છે : વેબસાઈટ પણ અપડેટ થઈ નથી



રાજકોટઃ ગુજરાતના દુર્ઘટનાઓ કે માનવસર્જીત આફતમાં મોરબી હંમેશા કમનસીબ રહ્યું છે. મચ્છું ડેમ તૂટવાથી હજારો લોકોના જીવન ગયા, ૨૦૦૧નો ભૂકંપ જે કુદરતી આફત હતી તેમાં પણ મોરબીએ સહન કર્યુ અને બે વર્ષ પુર્વે અહીના સૌથી મોટા આકર્ષણ ઝુલતો પુલ એ માનવસર્જીત દુર્ઘટના હતી.જેમાં ૧૩૫ લોકોના જીવન હોમાયા પણ હજું ગુજરાત ટુરીઝમ માટે તો સંખ્યાબંધ કુટુંબો માટે કમનસીબ સાબીત થયેલો આ પુલ એ વિકટોરીયા યુગનો અદભૂત આર્કિટેકચરલ અજાયબી- બાંધકામ નિર્માણનો એક અદભૂત નમુનો છે.


જે દર્શાવે છે કે, ગુજરાત ટુરીઝમની વેબસાઈટ ખુદ સરકારી અધિકારીઓ કદી તપાસતા નથી કે અપડેટ કરતા નથી. આ પુલ દુર્ઘટના એ સરકાર માટે પણ એક કાળો ધબ્બો છે. કારણ કે ભ્રષ્ટાચાર, રાજકીય ગઠબંધનના કારણે પુલનું સમારકામ જે રીતે કરાયું અને તેની ચકાસણી વગર જ ખુલ્લો મુકીને ૧૩૫ લોકોને મોત આપ્યું.

સેંકડો પરિવારોને કાયમનું દર્દ આપ્યુ અને તેટલા જ લોકોને ઈજાની ભેટ આપી તેને ગુજરાત ટુરીઝમ હજું માર્વેલ ગણાવે છે અને તેને પ્રાઈમ ટુરીસ્ટ ડેસ્ટીનેશન તરીકે તેની વેબસાઈટમાં દેખાડે છે.

મોરબીને હજું પણ સરકાર ૧૯મી સદીના યુરોપની અને પેરીસ સાથે સરખામણી કરે છે. વાસ્તવમાં મોરબીના નસીબમાં કુદરતી માનવસર્જીત આફત પછી હવે વ્યાપાર ઉદ્યોગ પણ કટોકટીમાં છે તેમાં ટુરીઝમ ગૌરવ લે છે. મોરબીના એ પુલ દુર્ઘટનાના અભાગી પરિવારો હજું પણ તેમના એ આઘાત અને તેની પછીની અસરમાંથી બહાર આવી શકયા નથી અને તેઓને હજું 'ન્યાય' પણ મળ્યો નથી તથા સરકારે પણ બધું ભૂલાવી દીધું છે તે સમયે ટુરીઝમ વિભાગ હજું પણ આ પુલના ગુણગાન ગાય છે.

# ગુજરાતમાં હેલ્મેટ ડ્રાઈવ ઈવેન્ટ જેવી; લોકો પણ બેદરકાર

## હેલ્મેટ વગર દ્વિચક્રી અકસ્માતોમાં માથામાં ઈજા થવાના કેસ ૭૪%; વધુ એક અભ્યાસમાં તારણ :વેલોર મેડીકલ કોલેજનું તારણ : દેશમાં અકસ્માતથી મૃત્યુમાં ૪૫% કેસમાં દ્વિચકી વાહનોનો સમાવેશ



નવી દિલ્હીઃ દેશમાં દ્રીચક્રી વાહન ચાલકો માટે હેલ્મેટ એ જીવતદાન પણ પુરવાર થઈ શકે છે. કમનસીબે ગુજરાતમાં જ તેના અમલ માટે જાગૃતિ નથી અને સરકાર પણ કોઈ ઈવેન્ટની જેમ વર્ષમાં એક-બે વખત હેલ્મેટ ડ્રાઈવ ચલાવીને સંતોષ માને છે.હાલમાં જ કેરળની ક્રિશ્ચીયન મેડીકલ કોલેજ વેલોર એ કરેલા એક સર્વે મુજબ દ્રીચકી અકસ્માતમાં વાહનમાં પ્રવાસ કરનારને માથાની ઈજા થવાની સંભાવના સૌથી વધુ હોય છે અને તે શકયતા ૭૦% વધી જાય છે. હેલ્મેટ પહેરનારને માથાના ઈજાની શકયતા ૧૫% જ રહે છે.

માર્ચ ૨૦૧૩થી સપ્ટે. ૨૦૧૯ના સમયગાળામાં વેલોરની તથા અન્ય ઓર્થોપેડીક ટ્રુમા હોસ્પીટલમાં દ્રીચકી વાહનોને થયેલા અકસ્માતમાં ઈજાગ્રસ્તો કે મૃતકોના શરીરની ઈજાનો અભ્યાસ કરાયા બાદ આ પ્રકારનું તારણ આપવામાં આવ્યું હતું. જયાં ભારતમાં ૨૦૨૩માં જે માર્ગ અકસ્માત થયા તેમાં ટુવ્હીલર ચલાવતા ૭૭૫૩૯ લોકોના મૃત્યુ થયા જે અકસ્માતમાં કુલ મૃત્યુના ૪૫% હતા અને આ પ્રમાણ વધતુ જાય છે. આ પ્રકારના અકસ્માતમાં જેઓને ગંભીર ઈજા થઈ હતી તેમાં ૩૧૭૨ લોકો જેમાં ટ્રુમા સેન્ટરમાં દાખલ કરવાની ફરજ પડી હતી જે મલ્ટીપલ ઈજા દર્શાવતા હતા તેમાં પણ ફકત ૧૩ લોકોએ હેલ્મેટ પહેરી હતી. જો કે ત્રીજા ભાગના શરાબની અસર હેઠળ હતા તે પણ નોંધાયુ છે.બ્રિટનની કેમ્બ્રીજ યુનિ.ના રીસર્ચર દ્વારા તૈયાર કરાયેલ એક અભ્યાસ પેપર જે સીએમસી ન્યુરોલોજીકલ સામાન્ય ડિપાર્ટમેન્ટ, યુનિવર્સીટી ઓફ એથેન્સ વિ.ના અભ્યાસનો પણ સમાવેશ કરાયો જેમાં જણાવાયુ કે ઓછી ઈજા કોઈ વખત પડી જવાથી થાય છે તો રાહદારી અને ટુ વ્હીલર વચ્ચેના અકસ્માતમાં થોડી વધુ ઈજા થવાનો સંભવ છે.

# આઈટી બિલ પર સંસદીય કમિટીની ચર્ચાનો આરંભ : હાલનો કાયદો સરળ બનાવાશે

## વિધેયક અંતર્ગત નવા ટેકસ નહીં લગાવાય : અનેક ટેકનિકલ શરતો, સલાહો હટાવવામાં આવશે

નવીદિલ્હી,તા.૨૫

નાણા મંત્રાલયે લોકસભાની એક સિલેકટ કમીટીના મેમ્બર્સને ઈન્કમટેકસ બીલના બારામાં ડિટેલમાં જાણકારી આપી હતી. ભાજપના સાંસદ બૈજયંત 'જય' પાંડાની અધ્યક્ષતા વાળી આ કમિટીની સોમવારે પહેલી બેઠક યોજાઈ હતી. સૂત્રોએ જણાવ્યું હતું કે બીલ હાલમાં કાયદાને સરળ બનાવશે. ૬ દાયકા પહેલા બનેલા હાલના કાયદાને વધુ યુઝર- ફ્રેન્ડલી બનાવવામાં આવશે. નાણામંત્રી નિર્મલા સીતારામને બજેટ સેશનમાં બીલ રજૂ કર્યા બાદ લોકસભામાં તેમના અનુરોધ પર તેને કમિટીને મોકલવામાં આવ્યું હતું.

સીતારામને જણાવ્યું હતું કે, નવા ઈન્કમ ટેકસ બિલમાં પહેલા વિશ્વાસ, બાદમાં તપાસની ધારણાના આધારે ન્યાયની ભાવનાને આગળ વધારશે. બિલમાં એસેસમેન્ટ યર જેવા શબ્દો હટાવીને ટેકસ યર જેવા શબ્દો રાખવામાં આવશે, જેથી તેને વધુ સરળતાથી સમજી શકાય.

સાથે સાથે અનેક ટેકનીકલ શરતો અને સલાહો પણ હટાવવામાં આવશે. વિધેયક આવકવેરા અધિનિયમ ૧૯૬૧ની જગ્યા લેશે. વિધેયક અંતર્ગત નવો ટેક્સ નહીં લગાવાય. લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ ૧૪ ફેબ્રુઆરીએ ૩૧ સભ્યોની સમિતિની રચના કરી હતી.નાણા મંત્રાલયે લોકસભાની એક સિલેકટ કમીટીના મેમ્બર્સને ઈન્કમટેકસ બીલના બારામાં ડિટેલમાં જાણકારી આપી હતી. ભાજપના સાંસદ બૈજયંત 'જય' પાંડાની અધ્યક્ષતા વાળી આ કમિટીની સોમવારે પહેલી બેઠક યોજાઈ હતી. સૂત્રોએ જણાવ્યું હતું કે બીલ હાલમાં કાયદાને સરળ બનાવશે.

# આવતા માસમાં પી.એમ. નરેન્દ્ર મોદી સપ્તાહમાં જ બે વખત ગુજરાતનાં પ્રવાસે

## તા.૨ અને ૩ માર્ચનાં રોજ સાસણ – સોમનાથ તેમજ તા.૭ અને ૮ મીએ સુરત – નવસારી જશે

અમદાવાદ,તા.૨૫

વડાપ્રધાન નરેન્દ્રમોદી આવતા માર્ચ માસ દરમ્યાન બે વખત ગુજરાતના પ્રવાસે આવનાર છે .માર્ચની શરૂઆતમાં, તા.૨નાં રોજ અને ત્યારબાદ તા.૭ અને ૮ માર્ચ પી.એમ.આવી રહ્યા છે. ત્યારે રાજય સરકાર પી.એમ.નાં આ પ્રવાસનાં પગલે તડામાર પુર્વ તૈયારીમાં પડી ગઈ છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી માર્ચ મહિનામાં ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે. જાણકારી મુજબ પીએમ મોદી માર્ચ મહિનાની શરૂઆતમાં બે વખત ગુજરાતની મુલાકાતે આવશે જેમાં સૌ પ્રથમ તેઓ ૨ અને ૩ માર્ચ તે બાદ ૭ અને ૮ માર્ચે તેઓ ગુજરાતમાં બે અલગ-અલગ વિસ્તારની મુલાકાત લેશે.

મળતી માહિતી મુજબ ઙખ મોદી આવનારા મહિનાની ૨ અને ૩ માર્ચના રોજ ગુજરાત પ્રવાસે આવી રહ્યા છે. જેમાં ૨ માર્ચના રોજ સાસણમાં સિંહ દર્શન અને રાત્રી રોકાણ કરશે. મહત્વનું છે કે, વડાપ્રધાન બન્યા બાદ નરેન્દ્ર મોદી પહેલી વખત ગીરની મુલાકાતે આવી રહ્યા છે.

૩ માર્ચે વિશ્વ વન્યસૃષ્ટિ દિવસ છે એટલે તે દિવસે પીએમ મોદી નેશનલ વાઈલ્ડલાઈફ બોર્ડના અધ્યક્ષ હોવાથી બેઠકમાં ભાગ લેવા સાસણ આવશે.



ત્યારબાદ ૩ માર્ચના રોજ તેઓ સોમનાથ મંદિરે જશે.

પીએમ મોદી ૭ અને ૮ માર્ચે વિશ્વ મહિલા દિવસ સહિતની ઉજવણી માટે તેઓ સુરત અને નવસારીની મુલાકાતે આવશે. જેમાં ૭ માર્ચે પીએમ મોદી સુરતમાં સાંજના સમયે અહીંના લિંબાયત વિસ્તારના નીલગીરી મેદાનમાં સરકારી યોજનાઓના લાભાર્થીઓને સહાય વિતરણ કાર્યક્રમમાં હાજરી આપશે.

આ દરમિયાન સુરતમાં જ રાત્રી રોકાણ કરી બીજે દિવસે સવારે નવસારીમાં વિશ્વ મહિલા દિવસના કાર્યક્રમમાં હાજરી આપશે. અહીં તેઓ મહિલાલક્ષી યોજનાઓના લાભાર્થીઓને સહાયનું વિતરણ કરશે.

ત્યાર બાદ ૮ માર્ચની સાંજે નવસારીથી દિલ્હી જવા માટે રવાના થશે.ત્યારે પીએમ મોદીના આ કાર્યક્રમને લઈને તંત્ર દ્વારા પણ તૈયારીઓ શરુ કરી દેવામાં આવી હોવાનું જાણવા મળી રહ્યુ છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદી માર્ચ મહિનામાં ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે. જાણકારી મુજબ પીએમ મોદી માર્ચ મહિનાની શરૂઆતમાં બે વખત ગુજરાતની મુલાકાતે આવશે જેમાં સૌ પ્રથમ તેઓ ૨ અને ૩ માર્ચ તે બાદ ૭ અને ૮ માર્ચે તેઓ ગુજરાતમાં બે અલગ-અલગ વિસ્તારની મુલાકાત લેશે.

# નશીલી દવાઓનાં ઈન્જેકશનથી 'હેપેટાઈટીસ સી'ના કેસોમાં ભારત દુનિયામાં બીજા સ્થાને

### ભારતમાં દર વર્ષે ૧.૧૦ લાખથી વધુ લોકો હેપેટાઈટીસ રોગના દર્દી બને છેઃ આ મામલે અમેરિકા અવ્વલ, ત્રીજા ક્રમે ચીન

નવી દિલ્હી,તા.૨૫

નશીલી દવાઓનાં ઈન્જેકશનથી હેપેટાઈટીસ સી વાયરસની ઝપટમાં આવનારા લોકોની સંખ્યામાં ભારત દુનિયામાં બીજા ક્રમે છે. અહીં દર વર્ષે ૧.૧૦ લાખ લોકો આ કારણે હેપેટાઈટીસનાં દર્દી બની રહ્યા છે. આ મામલે ભારતથી ઉપર અમેરિકા છે. જયાં ૨,૨૪,૭૨૨ કેસ છે. આ દાવો 'લાન્સેટ ગેસ્ટ્રો એન્ટરોલોજી એન્ડ હેપેટોલોજી જર્નલમા 'પ્રકાશીત અભ્યાસક્રમમાં કરાયો છે.સંશોધકોનાં જણાવ્યા મુજબ દુનિયાભરમાં દર વર્ષે ૮.૩૩ લાખથી વધુ લોકાડ્રગ્સ ઈન્જેકટ કરવાના કારણે હેપેટાઈટીસ સી વાયરસની ઝપટમાં આવી રહ્યા છે. ગત વર્ષોમાં તેમાં ઘટાડો થયો હતો. પણ હજુ પણ તેનો બોજો ઘણો વધુ છે.

પૂરી દુનિયામાં નશીલી દવાઓના ઈન્જેકશનથી હેપેટાઈટીસ સીની ઝપટમાં આવનારા ૬૦ આઈએસઆઈ દર્દીઓ માત્ર ચાર દેશો અમેરીકા-ભારત, ચીન અને રશીયામાં છે.

વર્ષ ૨૦૧૫-૨૧ માં આવેલા નવા મામલોને જોઈએ તો વર્ષ ૨૦૩૦ સુધીમાં ડબલ્યુએચઓ લક્ષ્યને હાંસલ કરવા માટે દુનિયાભરમાં નવા કેસમાં ૭૬.૭ ટકાનો ઘટાડો લાવવો પડશે. જયારે ભારતે આ લક્ષ્ય હાંસલ કરવા માટે નવા કેસોમાં ૯૧.૭ ટકાનો ઘટાડો કરવો પડશે.

# GPSCની વર્ગ ૧-૨ની બે ભરતીઓ રદ, સરકારી નોકરીની તૈયારીઓ કરતાં ઉમેદવારો નિરાશ

સરકારી નોકરીની તૈયારીઓ કરતાં ઉમેદવારો માટે ગાંધીનગરથી નિરાશાજનક સમાચાર સામે આવ્યા છે. GPSCએ વર્ગ ૧-૨ની બે ભરતીઓ રદ કરવામાં આવતાં સરકારી નોકરીની તૈયારીઓ કરતાં ઉમેદવારોમાં નિરાશા વ્યાપી જવા પામી છે. ઉદ્યોગ અને ખાણ વિભાગ હસ્તકની નાયબ કમિશ્નર, કુટીર ઉદ્યોગ સેવા, વર્ગ-૧ (જા.ક. ૧૧૬/૨૦૨૪-૨૫) ની કુલ-૦૧ જગ્યા અને મદદનીશ કમિશ્નર, કુટીર ઉદ્યોગ સેવા, વર્ગ-૨ (જા.ક. ૧૧૭/૨૦૨૪-૨૫) ની કુલ-૦૨ જગ્યા પર ભરતી માટે આયોગ દ્વારા ૧ ફેબ્રુઆરીએ જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવી હતી. ભરતી નિયમોમાં સુધારાની તેમજ બંને સંવર્ગોના રોસ્ટર પ્રમાણિત કરવાની કાર્યવાહી ચાલુ હોઈ




ત્રહ્ણજીએ બંને જાહેરાતો રદ કરી છે. વિભાગ દ્વારા પ્રસ્તુત જગ્યાઓના નવેસરથી માંગણીપત્રકો મળ્યા બાદ નવી જાહેરાતો પ્રસિદ્ધ કરવામાં આવશે. જે અંગે સંબંધિત ઉમેદવારોએ નોંધ લેવા વિનંતી કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે અગાઉ થોડા દિવસો પહેલાં કૃષિ વિભાગે ૧૪૪ જગ્યાઓ રદ કરી હતી.

રાજ્ય સરકારના કૃષિ વિભાગ દ્વારા વેર હાઉસ નિગમની ૧૪૪ જગ્યાઓ રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. વર્ગ-૩ અને વર્ગ-૪ આ જગ્યાઓ પર ભરતી કરવાને બદલે હયાત જગ્યાઓ રદ કરવામાં આવી છે. આ સમાચારથી સરકારી નોકરીની તૈયારીઓ કરી રહેલા ઉમેદવારોમાં નિરાશા વ્યાપી જવા પામી છે.

ગુજરાત રાજ્ય વેરહાઉસિંગ નિગમ દ્વારા રજૂ થયેલા દરખાસ્ત પર વિચારણા બાદ આ નિયમનું અમલ થશે. કૃષિ અને સહકાર વિભાગના સચિવે જણાવ્યું કે આ પગલું વિભાગની કાર્યક્ષમતા અને કાર્યક્ષેત્રની સુધારણા માટે મહત્ત્વપૂર્ણ છે.

નો ફેવર, નો ફિઅર...
સામના મિરર
Dt.26/2/2025 WEDNESDAY


# બોર્ડ પરિક્ષાનું કાઉન્ટ ડાઉન શરૂઃ આજે વિદ્યાર્થીઓ પરીક્ષા કેન્દ્રો પર બેઠક વ્યવસ્થા નિહાળી શકશે

## ધો.૧૦ બાદ ધો.૧૨ ના પેપરો પણ રાજકોટમાં : કરણસિંહજી હાઈસ્કુલમાં કાલથી તા.૧૭ સુધી જીલ્લા કક્ષાનો કન્ટ્રોલરૂમ ધમધમશે

રાજકોટ તા.૨૫

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામરી તા.૨૭ ને ગુરૂવારથી લેવાનારી ધો.૧૦ અને ૧૨ ની પરીક્ષાનાં આડે હવે માત્ર એક જ દિવસ જ બાકી રહ્યો હોય વિદ્યાર્થીઓ અભ્યાસક્રમનાં છેલ્લી ઘડીનાં રીવીઝનમાં વ્યસ્ત બનેલ છે.

તેની સાથોસાથ શિક્ષણ બોર્ડ દ્વારા પણ આજે રાજકોટ સહીત રાજયભરનાં તમામ જીલ્લા માધ્યમિક શિક્ષણાધિકારીઓ સાથે વીડીયો કોન્ફરન્સ યોજી બોર્ડ પરીક્ષા સંદર્ભે તૈયારીઓની સમીક્ષા કરી સુચનો કર્યા છે.




બોર્ડ પરીક્ષા અંગે આવતીકાલે તા.૨૬ થી કરણસિંહજી હાઈસ્કુલમાં જીલ્લા કક્ષાનો કન્ટ્રોલ રૂમ (ફોન નં.૭૬૨૨૯૨૧૧૭૩)ધમધમતો કરી દેવામાં આવનાર છે. જે તા.૧૭ માર્ચ સુધી કાર્યરત રહેશે તેમજ ધો.૧૦ અને ૧૨ ની આ પરીક્ષામાં બેસનારા તમામ વિદ્યાર્થીઓ આવતીકાલે તા.૨૬ ને બુધવારે પરીક્ષા કેન્દ્રો પર સવારના ૧૦ થી સાંજના ૫ કલાક સુધી બેઠક વ્યવસ્થા નિહાળી શકશે.

રાજકોટ શહેર-જીલ્લામાં ધો.૧૦ અને ૧૨ (વિજ્ઞાનપ્રવાહ સામાન્ય પ્રવાહ)નાં ૭૮૪૩૦ વિદ્યાર્થીઓ શૈક્ષણીક ભાવીની આ કસોટીમાં બેસનાર છે. જેમાં ધો.૧૦ ના ૪૭૨૮૦ ધો.૧૨ સામાન્ય પ્રવાહનાં ૨૩૩૭૦ અને વિજ્ઞાન પ્રવાહનાં ૭૭૮૦ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.

ધો.૧૦ ની પરીક્ષા ૫ ઝોનમાં ૪૦ કેન્દ્રો ૧૭૭ શાળાઓની બિલ્ડીંગો અને ૧૫૭૬ બ્લોકમાં લેવામાં આવનાર છે જયારે ધો.૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા ૪ ઝોનમાં ૧૯ કેન્દ્રોમાં ૯૧ શાળાઓની બિલ્ડીંગો અને ૭૮૧ બ્લોકમાં લેવાશે.

તેમજ ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા ૩ ઝોનમાં ૬ કેન્દ્રો ૯૧ શાળાઓની બીલ્ડીંગો અને ૭૮૧ બ્લોકમાં લેવાશે. આ વખતે જીલ્લામાં સંવેદનશીલ કે અતિ સંવેદનશીલ કેન્દ્ર એક પણ જાહેર કરવામાં આવેલ નથી.

રાજકોટ શહેર-જીલ્લામાં બોર્ડ પરીક્ષા શાંતિપૂર્ણ વાતાવરણમાં લેવાય તે માટેની તમામ તૈયારીઓને ઈન્ચાર્જ શિક્ષણાધિકારી કિરીટસિંહ પરમાર દ્વારા આખરી ઓપ આપી દેવામાં આવેલ છે.

ધો.૧૦ બાદ ધો.૧૨ ની પરીક્ષાના પેપરો પણ રાજકોટ આવી પહોંચતા તેને સ્ટ્રોંગ રૂમમાં સીલ કરી પોલીસ બંદોબસ્ત મુકી દેવામાં આવેલ છે.

# પોલીસ જવાનો પર હુમલાઃ ખાખી વર્દી જ અસુરક્ષિત, લુખ્ખાઓ બેફામ

## ગણતરીની કલાકોનાં આરોપીને પકડી પાડતી પોલીસના બાતમીદારો નબળા પડયા કે લુખ્ખાઓને તક આપવામાં આવે છે? ગુજસીટોકનો આરોપી માજીદ ભાણું પોલીસ પર હુમલો કરી બેખૌફ ફરતો હતો, ફરીવાર પણ હુમલો કરી દીધો

રાજકોટ,તા.૨૫

રંગીલા રાજકોટને લુખ્ખાઓએ નજર લગાડી છે, શહેરીજનો પર તો છાશવારે હથિયારો સાથે તૂટી પડી જાહેરમાં હુમલા કરે છે. પરંતુ હવે તો લોકોની સુરક્ષા કરતી પોલીસ પણ રાજકોટમાં સુરક્ષિત નથી અને તેમની પર પણ હુમલાના બનાવો વધવા લાગ્યાં છે.

ત્યારે શહેરીજનો ભયના ઓથાર નીચે જીવી રહ્યાં છે. પ્ર. નગર પોલીસ મથકના જવાનો પર બે વાર ગુજસીટોકના આરોપીએ હુમલા કર્યાના બનાવ તાજા છે ત્યાં જ બી. ડિવિઝન પોલીસ મથક વિસ્તારમાં હોમગાર્ડ જવાન પર લુખ્ખાઓએ હુમલો કરી નાસી છૂટતાં પોલીસ પણ અસુરક્ષિત હોવાનું સામે આવ્યું છે.

થોડાં દિવસ પહેલાં રૂખડિયાપરા વિસ્તારમાં રહેતા ફરીદાબેન જુસબભાઈ



શેખના ઘર પર રાત્રિના બજરંગવાડીમાં રહેતા અને ગુજસીટોકના ગુનામાં જામીન પર છૂટેલા માજીદ ઉર્ફે ભાણુ તથા તેના સાથીદારોએ મળી સોડા બોટલના ઘા કર્યા હતા.

આ ઘટનાને લઈ રાત્રિના પ્ર.નગર પોલીસ મથકના કોન્સ્ટેબલ રિયાઝભાઈ અને મયુરરાજસિંહ જાડેજા જામનગર રોડ પર સાંઢીયા પુલ સ્લમ કવાર્ટર પાસે કમિટિ ચોકે પહોંચ્યા હતા, ત્યાં માજીદ તથા તેના ૧૦ થી ૧૨ સાગરીતો ઊભા હતા જેમાં કેટલાકના હાથમાં ધોકા હોય તેમણે પોલીસ સાથે ઝપાઝપી કરી ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લેતા બંને પોલીસમેન અહીંથી ચાલ્યા ગયા હતા. ત્યારબાદ આરોપીઓએ પોલીસમેનના વાહનોમાં તોડફોડ પણ કરી હતી.

જે બાદ નવેક આરોપીઓને પોલીસે પકડી પાડ્યા હતાં. જે બાદ કુખ્યાત માજિદ અને તેના બે સાગરીત ફરાર હતાં. ત્યારે બે દિવસ પહેલાં પ્ર. નગર પોલીસ મથકની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે પોલીસ જવાન વનરાજ કાઠી અને રિયાઝભાઈને ફરાર આરોપી માજીદનો ભેંટો થઇ જતાં ફરીવાર માજિદે છરી સાથે ઝપાઝપી કરી પોલીસ જવાનને ઈજા પહોંચાડી હતી અને બાદમાં બંને આરોપી ફરાર થઈ ગયાં હતાં. જે બંને આરોપી આજ સુધી પોલીસના હાથમાં આવ્યાં નથી.

ત્યારે ગઈકાલે ફરીવાર અન્ય એક લુખ્ખાએ રાજકોટમાં નવો ડોન બનાવની ઈમેજ બનાવવા બી. ડિવિઝન પોલીસ મથકના હોમગાર્ડ જવાનના ગળા પર ગુપ્તિ રાખી લૂંટ ચલાવી નાસી છૂટતાં ફરીવાર પોલીસ સર્મશાર બની હતી અને આરોપી આજ સુધી પકડાયા નથી. પોલીસ પર હુમલાના બનાવો વધવા લાગતાં લુખ્ખાઓમાં ખાખીનો ભય ઓસરવા લાગતાં સામાન્ય મારમારી, જીવલેણ હુમલાના બનાવો પણ વધવા લાગ્યાં છે. રંગીલું રાજકોટને લોહિયાળ બનતું અટકાવવા શહેરીજનો પોલીસ પાસે અપેક્ષા રાખી બેઠી છે. જેમના માટે હિસ્ટ્રીસીટરો પર વોચ રાખી સીધાં દોર કરવાં પડશે.

સામના મિરર (દૈનિક) તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : રાજેશ ઉદયકુમાર બગડાઈ
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સામના મિરર પ્રિન્ટર્સ, જય ભવાની, ચુનારાવાડ શેરી નં.૫, શાક માર્કેટ પાસે, રાજકોટ ૩૬૦૦૦૭

# અમરેલીમાં જુગાર રમતા ચાર શખસને પકડી પાડતી અમરેલી સીટી પોલીસ સર્વેલન્સ ટીમ

અમરેલી, તા. ૨૬ઃ મે.ભાવનગર રેન્જ આઇ.જી.પી. ગૌતમ પરમાર નાઓએ ભાવનગર રેન્જના જીલ્લાઓમાંથી જુગાર/દારૂની બદી દુર કરવાં માટે સઘન પેટ્રોલીંગ રાખી તેમજ સફળ રેઇડો કરી જુગાર/દારૂની કડક કાર્યવાહી કરવાં સુચના આપેલ હોય જે અન્વયે અમરેલી જીલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાત નાઓએ તથા અમરેલી ડીવીઝનના નાયબ પોલીસ અધિક્ષક ચિરાગ દેસાઇ નાઓ દ્વારા ડીવીઝન વિસ્તારમાંથી જુગાર/દારૂની બદી દુર કરવાં માટે સઘન પેટ્રોલીંગ રાખી તેમજ સફળ રેઇડો કરી જુગાર/દારૂની કડક કાર્યવાહી કરવાં સુચના તથા માર્ગદર્શન આપેલ હોય.જે અન્વયે અમરેલી સીટી પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સપેક્ટર ડી.કે.વાઘેલા ની રાહબરી હેઠળ આજરોજ અમરેલી સીટી પોલીસ સર્વેલન્સ ટીમ દ્વારા હ્યુમન સોર્સની મદદથી ચોક્કસ બાતમી આધારે અમરેલીના સુળીયાટીંબા



વિસ્તારમાંથી જાહેરમાં પૈસા પાનાથી હારજીતનો જુગાર રમતા ચાર ઇસમોને રોકડા રૂ.૧૦,૨૦૦/-ના મુદ્દામાલ સાથે પકડી પાડી મજકુર ઇસમો વિરૂધ્ધમાં જુગાર ધારા કલમ-૧૨ મુજબ ધોરણસરની કાર્યવાહી કરી જુગારનો ગણનાપાત્ર કેસ કરવામાં આવેલ છે.

આરોપીઓમાં જયંતિભાઇ જગાભાઇ પરમાર ઉ.વ.૧૯ ધંધો.મજુરી રહે.અમરેલી, સુળીયાટીંબા કુંકાવાવ જકાતનાકે તા.જી.અમરેલી, પંકજભાઇ લલુભાઇ પરમાર ઉ.વ.૨૭ ધંધો. મજુરી રહે.અમરેલી જગુપુલ પાસે તા.જી.અમરેલી, મુકેશભાઇ મુનાભાઇ વાઘેલા ઉ.વ.૨૨ ધંધો.મજુરી રહે.અમરેલી, સુળીયાટીંબા કુંકાવાવ જકાતનાકે તા.જી.અમરેલી, બદરૂભાઇ વલ્લભભાઇ વાઘેલા ઉ.વ.૨૩ ધંધો મજુરી રહે.અમરેલી,સુળીયાટીંબા કુંકાવાવ, જકાતનાકે તા.જી. અમરેલી

રોકડ રકમ રૂ.૧૦,૨૦૦/-

આ કામગીરી અમરેલી સીટી પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સપેક્ટર ડી.કે. વાઘેલા તથા અજંઈ રમેશભાઇ નશાભાઇ માલકીયા, PC ચિંતનકુમાર કનૈયાલાલ મારૂ, PC વનરાજભાઇ વલકુભાઇ માંજરીયા તથા ડ્ઈ સંજયભાઇ ભીમાભાઇ ગોહિલ, PC જયદેવસિંહ અમરસિંહ ગોહિલ, PC હિમાલયભાઇ રમેશભાઇ કાલાવાડીયા દ્વારા કરવામાં આવેલ છે.

# બ્રહ્માકુમારીઝ - બોટાદ સેવા કેન્દ્ર દ્વારા મહાશિવરાત્રી પર્વ નિમિત્તે બે દિવસીય મહોત્સવનું ઉદ્દઘાટન કરાયું

બોટાદ, તા. ૨૬ઃ પ્રજાપિતા બ્રહ્માકુમારી ઇશ્વરીય વિશ્વ વિદ્યાલય બોટાદ સેવા કેન્દ્ર દ્વારા મહાશિવરાત્રી પાવન પર્વ નિમિત્તે બે દિવસીય મહોત્સવ નું સુંદર આયોજન કરવામાં આવેલછે.

જેમાં ૧૧૧૧ રુદ્રાક્ષ ના શિવલિંગ અને દ્વાદશ (૧૨) જ્યોતિર્લીંગ દર્શન અને આધ્યાત્મિક મેળાનું શુભ ઉદ્ઘાટન તા.૨૫/૨/૨૫ મંગળવારે સત્ય દર્શન ,ઓહ્મ શાંતિ નગર , બ્રહ્માકુમારીઝ સેવા કેન્દ્ર ભાવનગર રોડ , બોટાદ ખાતે બ્રહ્માકુમારીઝ સેવા કેન્દ્રના વડા રાજયોગીની બી.કે. નીતાબેન તથા બોટાદ મુક્તિધામ ના ચેરમેન ગ્રીન મેન સી.એલ.ભીકડીયા ની ઉપસ્થિત માં દીપ પ્રગટન થી કરવામાં આવેલ. આ પ્રસંગે ન્યુઝ ૯ ગુજરાતી અને ઇ ઇન્ડિયા ના રિપોર્ટર પારસ ભાઇ ગાંધી , બી.કે.વર્ષા બેન, બી.કે.રજની બેન, બી.કે.ભૂમિ બેન



તથા શહેર ના ધર્મપેમી ભાઈ બહેનો હાજર રહેલ. જેમાં જુદા જુદા બાર સ્થાપિત કરેલ બાર જ્યોતિર્લિંગની આરતી ઉપસ્થિત મહાનુભાવોના વરદ હસ્તે કરવામાં આવેલ. સૌ ધર્મ પ્રેમી નગરજનો ને પધારવા બોટાદ સેવા કેન્દ્ર ના સંચાલિકા બ્ર.કુ. નીતાબેન દ્વારા ઇશ્વરીય નિમંત્રણ છે.

## ભરૂચની મારવાડી આફ્રિન ઘોડીએ પુણામાં યોજાયેલી રાષ્ટ્રીય સ્પર્ધામાં મિલ્ક ટીથ કેટેગરીમાં ત્રીજું સ્થાન મેળવ્યું

ભરૂચ, તા. ૨૬ઃ પુણામાં ઇન્ડિજિનસ હોર્સ ઓનર્સ એસોસિએશન દ્વારા આયોજિત ૯માં મરવાડી ઘોડા પ્રજાતિ શોમાં ભરૂચની મારવાડી ઘોડી આફ્રિને ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. જપાલોપે ઇક્વેસ્ટ્રિયન સેન્ટર, તળેગાંવ-દભાડે ખાતે યોજાયેલી આ સ્પર્ધામાં દેશભરમાંથી ૧૦૦ મારવાડી ઘોડાના માલિકોએ ભાગ લીધો હતો.

ભરૂચના એમ.કે. ટિમ્બરના માલિક હુસૈન ગુલામહુસૈનવાલાની ૨૯ મહિનાની ઘોડી આફ્રિને મિલ્ક ટીથ કેટેગરીમાં ત્રીજું સ્થાન પ્રાપ્ત કર્યું છે. આફ્રિન રૂબનસ્ટાર અને જાસ્મીન નામના અશ્વની સંતાન છે. તે કલાકાતા, આલિશાન અને રત્નાકર જેવા પ્રતિષ્ઠિત અશ્વની વંશજ છે. હુસૈન ગુલામહુસૈને જણાવ્યું કે તેમણે છેલ્લા બે વર્ષથી આફ્રિનને તૈયારીઓ કરાવી હતી. આ સફળતાથી ગુજરાત અને ભરૂચના ઘોડા પ્રેમીઓમાં આનંદની લાગણી છવાઈ ગઈ છે.

# મહાશિવરાત્રીના મેળા ક્ષેત્રમાં ૭૮ સીસીટીવી અને ૩ ડ્રોન મારફત રાઉન્ડ ધી ક્લોક મોનિટરિંગ

જૂનાગઢ તા.૨૫ઃ ભવનાથ તળેટીમાં મહાશિવરાત્રીના મેળા દરમિયાન જૂનાગઢ પોલીસ તંત્રની 'ત્રીજી' આંખ એટલે કે,૭૮ સીસીટીવી અને ૩ ડ્રોન કેમેરા દ્વારા બાજ નજર નાખવામાં આવી રહી છે.

ભવનાથના મહાશિવરાત્રીના મેળામાં સ્વયંભૂ લાખો શ્રદ્ધાળુ ઓ ઉમટે છે, ત્યારે ક્રાઉડ મેનેજમેન્ટ અને ટ્રાફિક નિયમન પોલીસ તંત્ર માટે એક મોટો પડકાર બની જતો હોય છે. આ સાથે મેળામાં પધારતા ભાવિકોની સુરક્ષા માટે શંકાસ્પદ ગતિવિધિ અટકાવવી પણ એટલી જ જરૂરી છે. આ માટે જૂનાગઢ પોલીસે ટેકનોલોજીના ઉપયોગથી સુચારૂ વ્યવસ્થાઓ ગોઠવી છે.

આ સંદર્ભે વધુ જાણકારી આપતા નાયબ પોલીસ અધિક્ષક શ્રી હિતેશ ધાંધલીયા જણાવે છે કે ભાવિકોની સુરક્ષા, વાહનનો ટ્રાફિક જામ અને અન્ય શંકાસ્પદ ગતિવિધિઓ અટકાવવા માટે ભવનાથ પોલીસ સ્ટેશન ખાતે કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર કાર્યરત કરવામાં આવ્યો છે. અહીંથી રાઉન્ડ ધી ક્લોક પોલીસ જવાનો દ્વારા સીસીટીવી દ્વારા સતત સમગ્ર મેળા વિસ્તાર પર મોનિટરિંગ કરવામાં આવે છે.



આ મોનિટરિંગ ટીમ દ્વારા સિનિયર પોલીસ અધિકારીઓને દર કલાકે સીસીટીવીના સ્ક્રીનશોટ વોટ્સઅપના પણ મોકલવામાં આવે છે. જેથી ટ્રાફિક કે ભીડની સ્થિતિની યોગ્ય સમીક્ષા કરવાની સાથે તેના આધારે જરૂરી પગલાં લઈ શકાય.

ઉપરાંત કમાન્ડ એન્ડ કંટ્રોલરૂમ ખાતે ફરજરત ટીમને શંકાસ્પદ ગતિવિધિ કે અન્ય ધ્યાન દોરવા જેવી બાબત સામે આવે તો ત્વરિત કોમ્યુનિકેશન માટે આપવામાં આવેલા વાયરલેસ સેટ આપવામાં દ્વારા ફિલ્ડમાં કાર્યરત પોલીસની સર્વેલન્સ ટીમ કે રાવટી પર ફરજરત પોલીસને એલર્ટ કરવામાં આવે છે. જેથી જરૂરી કાર્યવાહી હાથ ધરી શકાય.

તેમણે કહ્યું કે, મહાશિવરાત્રી મેળાના મહત્વના એવા સોનાપુરી, ભરડાવાવ, જિલ્લા પંચાયત ગેસ્ટ હાઉસ, દામોદર કુંડ, સહિતના સ્થળો ઉપર સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે. ઉપરાંત વધુમાં શહેરમાં પણ ૪૦૦થી વધુ કેમેરા દ્વારા લગાવવામાં આવ્યા છે. ખાસ બસ સ્ટેશન, મજેવડી ગેટ, રેલ્વે સ્ટેશન કાળવા ચોક ખાતે પણ ભારે ટ્રાફિક અને ભીડ રહેતી હોય છે, અહીંયા પણ નેત્રમ શાખા દ્વારા સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. આમ, સીસીટીવી કેમેરાના મોનિટરિંગથી ટ્રાફિક ડાયવર્ઝન સહિતના નિર્ણય સરળતાથી લઈ શકાય છે. ભવનાથ વિસ્તારમાં ભાવિકોના ગુમ થયેલા ૩૦ જેટલા મોબાઈલ પણ સીસીટીવી કેમેરાની મદદથી શોધી આપવામાં આવ્યા છે. તેમ પણ શ્રી ધાંધલીયાએ ઉમેર્યું હતું.

# મંદિર વ્યવસ્થાપન અને ભીડ નિયંત્રણને વધુ સુદ્દઢ બનાવવા યાત્રાધામ અંબાજી ખાતે તાલીમનું આયોજન કરાયું

અંબાજી, તા. ૨૬ઃ યાત્રાધામ અંબાજી ખાતે યાત્રાળુઓની ભીડને નિયંત્રિત કરવા માટે વિવિધ પદ્ધતિઓ અપનાવવામાં આવતી હોય છે. અંબાજી વહીવટદાર અને અધિક કલેક્ટરશ્રી કૌશિક મોદીના માર્ગદર્શન હેઠળ મંદિર વ્યવસ્થાપન અને ભીડ નિયંત્રણને સુદ્દઢ બનાવવા ગુજરાત ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાસ્ટર મેનેજમેન્ટના ઉપક્રમે કર્મચારીઓ માટે તાલીમનું આયોજન કરાયું હતું.

આ તાલીમમાં ગુજરાત ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાસ્ટર મેનેજમેન્ટના પ્રોફેસર ડો. સંદીપ પંડે દ્વારા ઉપસ્થિતોને વિવિધ પદ્ધતિઓ સમજાવવામાં આવી હતી. શ્રી



નિલેશ દુબે દ્વારા અન્ય યાત્રાધામોની વિગતો રજૂ કરી પ્રેઝન્ટેશન રજૂ કરાયું હતું તથા અગાઉ બનેલ ઘટનાઓ વિશે વિસ્તૃત માહિતી અને મૂલ્યાંકન રજૂ કરાયું હતું. આ તકે માસ્ટર ટ્રેનરશ્રી જયેશ વાગડા દ્વારા ક્રાઉડ મેનેજમેન્ટની તાલીમ વિવિધ પદ્ધતિઓ મારફત આપવામાં આવી હતી. ક્રાઉડ મેનેજમેન્ટની વિવિધ પદ્ધતિઓ દ્વારા મંદિરના સ્ટેક હોલ્ડરોને જાગૃત કરાયા હતા. GIDM દ્વારા આ તાલીમ થકી પધ્ધતિસર ક્રાઉડ મેનેજમેન્ટ કરવા વિવિધ પાસાઓને રજૂ કરી વૈજ્ઞાનિક અભિગમ અપનાવવા વિશેષ અનુરોધ કરાયો હતો. આ એક દિવસીય તાલીમમાં અંબાજી મંદિરના એસ્ટેટ ઓફિસરશ્રી પાયલબેન પટેલ, તમામ સિક્યોરિટી સ્ટાફ, પોલીસ સ્ટાફ, મંદિર સ્ટાફ સહિત અધિકારીશ્રીઓ/ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# આજે ભાવિકો માટે સોમનાથ મંદિરના દ્વાર સતત ૪૨ કલાક ખુલ્લા રહેશે

## મંદિર સમીપે આવેલ સમુદ્ર કિનારે હજારો ભક્તોને પાર્થેશ્વર શિવલિંગ મહાપુજા કરાવવાનું આયોજન

### ■ મહાશિવરાત્રીએ મહાદેવની વિશેષ મહાપુજાઓ, ધ્વજાપુજાઓ કરાવવા ખાસ આયોજન કરાયુ

વેરાવળ, તા. ૨૬ઃ મહાશિવરાત્રી પર્વ પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવના સાનિધ્યમાં આસ્થાભેર ઉજવાશે. આ ખાસ દિવસે મંદિરના દ્વાર ભાવિકો માટે સળંગ ૪૨ કલાક સુધી ખુલ્લા રહેશે. શિવરાત્રી પર્વ પર વર્ષના સૌથી વધુ ભક્તો સોમનાથ મંદિરમાં દર્શને પધારતા હોય છે. ગત વર્ષે પણ મહાશિવરાત્રી પર્વ પર બે લાખથી વધુ શ્રદ્ધાળુઓએ સોમનાથ મહાદેવના દર્શન કર્યા હતા. ત્યારે ભાવિકોના મહાસાગરને ધ્યાને લઈ સોમનાથ ટ્રસ્ટ દ્વારા ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. પ્રત્યેક મહાશિવરાત્રીની જેમ વ્હેલી સવારે ૪ વાગ્યે સોમનાથ મંદિર ભક્તો માટે ખોલવામાં આવશે. બદબસવારે ૭ વાગ્યે પ્રાતઃ આરતી કરાશે અને ત્યારબાદ ટ્રસ્ટ દ્વારા ધ્વજા પૂજા અને પાલખી પૂજા કરી ૯ઃ૩૦ કલાકે સમગ્ર મંદિર પરિસરમાં સોમનાથ મહાદેવનું સ્વરૂપ બિરાજમાન થઈ પાલખીયાત્રા સ્વરૂપે ફરશે.

સવારથી જ સોમનાથ ટ્રસ્ટની પરંપરા અનુસાર યજ્ઞશાળામાં હોમાત્મક લઘુરુદ્ર યાગ થશે. સોમનાથ આવનાર ભક્તોને રૂ.૨૫ માં મહામૃત્યુંજય યજ્ઞનો લાભ મળે તેવું આયોજન કરાયું છે. મહાશિવરાત્રીની રાત્રી દરમ્યાન ચાર પ્રહરની મહાપૂજા અને મહાઆરતી થશે. આ પર્વે સોમનાથ મંદિરમાં ધ્વજા અને સોમેશ્વર પૂજા કરાવવા માટે ભક્તોમાં વિશેષ ઉત્સાહ હોય છે જેને અનુલક્ષીને સોમેશ્વર મહાપૂજાના સ્લોટ્સ અને પીઠિકા બમણા કરવામાં આવેલ છે. ભાવિકોની પ્રિય ધ્વજા પૂજા અને રુદ્રાભિષેક સર્વોત્તમ અનુભવ સાથે ભાવિકો કરાવી શકે તેના માટે મંદિર પરિસરમાં સંકીર્તન ભવન ખાતે વિશેષ કર્મચારીઓ અને માળખાકીય વ્યવસ્થા ગોઠવેલ છે.

**પ્રસાદ માટે ભોજ-ભંડારા**

મહાશિવરાત્રીના પર્વ પર સોમનાથ દાદાના દર્શન કરવા આવનાર શ્રદ્ધાળુઓ મહાદેવનો કૃપા પ્રસાદ પ્રાપ્ત કરે તે માટે ટ્રસ્ટ તેમજ ભક્ત સમૂહ દ્વારા અનેકવિધ ભંડારાઓનું આયોજન કરવામાં આવ્યું છે. જ્યાં એક જ સ્થાન પર શ્રદ્ધાળુઓને ફલાહાર ભોજન પીરસશે.

**સ્વચ્છતા રાખવા ખાસ આયોજન**

આ વખતે પહેલી વખત સફાઈ માટે સ્ટ્રાઈકિંગ ફોર્સ તૈયાર કરવામાં આવી છે જેમાં કોઈપણ વ્યક્તિ ક્યાંય પણ અસ્વચ્છ દેખાય તો આ ટીમનો સંપર્ક કરી તુરંત સ્વચ્છતા કરાવી શકે છે. અત્રે ઉલ્લેખનીય છે કે મંદિરમાં યાત્રીઓની વધતી સંખ્યાને અનુલક્ષીને લોકોની સુવિધા સચવાઈ રહે તેના માટે ૩ દિવસ લાઈટ એન્ડ સાઉન્ડ શો બંધ રાખવામાં આવનાર છે.

### મહાશિવરાત્રી પર્વે સોમનાથ મંદિરનો કાર્યક્રમ

મધ્યાન્હ મહાપૂજા ૧૧-૦૦ કલાકે

મધ્યાન્હ આરતી બપોરે ૧૨-૦૦ કલાકે

મહાશિવરાત્રિએ યાત્રિકો દ્વારા નોંધાવવામાં આવેલ વિશેષ બિલ્વપૂજા બપોરે ૦૧-૩૦ થી ૦૨-૩૦ શ્રી સોમનાથ મંદિર ગર્ભગૃહ

મહામૃત્યુંજય યજ્ઞ પ્રારંભઃબપોરે ૦૩-૦૦ થી ૦૬-૩૦ યજ્ઞશાળા, શ્રી સોમનાથ મંદિર

શ્રૃંગાર દર્શન ભસ્મ, રુદ્રાક્ષ, બિલ્વપત્ર સાંજે ૪-૦૦ થી ૮-૩૦ (શિવરાત્રિ મહાત્મ્ય શ્રૃંગાર)

સંધ્યાવંદન તથા પુરુષુક્તનો પાઠ શ્રી સોમનાથ સંસ્કૃત પાઠશાળાના ઋષિકુમારો દ્વારા સાંજ ૬-૦૦ થી ૬-૪૫ શ્રી સોમનાથ મંદિર પરીસર

સાયં આરતી સાંજે ૭-૦૦ કલાકે

શિવરાત્રી પ્રક્ષાલ પૂજન ૮-૩૦ કલાકે

શિવરાત્રી પ્રથમ પ્રહર પૂજન રાત્રે ૮-૪૫ કલાકે

શિવરાત્રી પ્રથમ પ્રહર આરતી ૯-૩૦ કલાકે

શિવરાત્રી જ્યોતપૂજન ૧૦-૧૫ કલાકે

શિવરાત્રી દ્વિતીય પ્રહર પૂજન પ્રારંભ મધ્યરાત્રે ૧૧-૦૦ કલાકે

શિવરાત્રી દ્વિતીય પ્રહર આરતી ૧૨-૩૦ કલાકે

શિવરાત્રી તૃતીય પ્રહર પૂજન પ્રારંભ ૨-૪૫ કલાકે

શિવરાત્રી તૃતીય પ્રહર આરતી ૩-૩૦ કલાકે

શિવરાત્રી ચતુર્થ પ્રહર પૂજન પ્રાતઃ ૪-૪૫ કલાકે

શિવરાત્રી ચતુર્થ પ્રહર આરતીઃ સવારે ૫-૩૦કલાકે



તસવીરઃ રવિ ખખ્ખર, ગીર સોમનાથ

નો ફેવર, નો ફિઅર...
સામના મિરર
Dt.26/2/2025 WEDNESDAY 

# વેરાવળ પાલીકા ટેન્ડરોમાં મનસ્વી શરતો ઉમેરતી હોવાના વિરોધમાં સાત એજન્સીઓએ ઉચ્ચકક્ષાએ ફરીયાદ કરી

## ■ પાલીકા ચોક્કસ એજન્સીઓને ફાયદો પહોંચાડવા શરતો ઉમેરતી હોવાનો ફરીયાદમાં આક્ષેપ

વેરાવળ, તા. ૨૬ઃ વેરાવળ પાલીકામાં કરોડોના ટેન્ડરમાં માનીતાઓને લાભ અપાવવા માટે ખાસ શરતો મુકવામાં આવતી હોવાના આક્ષેપ સાથે સાત કોન્ટ્રાક્ટર એજન્સીઓ દ્વારા ઉચ્ચકક્ષાએ લેખિત ફરિયાદ કરી યોગ્ય કરવા માંગ કરી છે. આ અંગે એજન્સીઓએ કરેલ ફરીયાદમાં જણાવ્યા મુજબ વેરાવળ નગરપાલિકાએ તાજેતરમાં ભૂગર્ભ ગટર માટે ૧૮.૮૫ કરોડ, રસ્તા નિર્માણ માટે ૭.૮૬ કરોડ અને ચોપાટી ડેવલપમેન્ટ માટે ૧૧.૦૯ કરોડ સહિત કુલ ૩૭.૫૧કરોડના ટેન્ડરો બહાર પાડ્યા છે. આ ટેન્ડરોમાં પાલીકાએ વિશેષ શરતો મુકી છે. જે સ્થાનિક એજન્સીઓને લાભ થાય તેવી છે. જેમાં ખાસ કરીને RMC પ્લાન્ટની શરત વિવાદાસ્પદ છે. કારણ કે, વેરાવળમાં માત્ર બે પ્લાન્ટ છે છતાં ટેન્ડરમાં સ્થાનીક પ્લાન્ટ ફરજિયાત કરાયો છે. જેથી બહારની એજન્સીઓએ સ્થાનિક પ્લાન્ટ ધરાવતી કંપની સાથે એમઓયુ કરવો પડે છે. જો તે ન થાય તો તેમનું ટેન્ડર રદ થાય છે. વાસ્તવ પ્લાન્ટ મુવેબલ હોય છે તે ગમે તે સ્થળે ઈન્સ્ટોલ કરી કાર્યરત કરી શકાય તેમ છતાં પાલિકા દ્વારા વેરાવળ પાલિકાના હદ વિસ્તારમાં જ પ્લાન્ટ હોવાની શરત રાખવામાં આવી છે.

આ ઉપરાંત ટેન્ડર આઈડી ૧૫૭૧૩૨ માં હાઉસ કનેક્શનના કામ માટે ૫૦% વ્યક્તિગત શૌચાલયના કામનો અનુભવ અથવા આવી એજન્સી સાથે એમઓયુ હોવાની શરત મુકવામાં આવી છે. આ શરત વિવાદાસ્પદ છે કારણ કે ગુજરાતમાં આવો અનુભવ ધરાવતી માત્ર મુઠ્ઠીભર એજન્સીઓ જ છે. વધુમાં ફરિયાદીઓનું કહેવું છે કે આ કામ માટે ભૂગર્ભ ગટર યોજના, પાણીની પાઈપલાઈન, કેબલ અને ગેસ પાઈપલાઈન જેવા અન્ડરગ્રાઉન્ડ કામનો અનુભવ ધરાવતી એજન્સીઓને પણ માન્ય રાખી શકાય છે.

આ ઉપરાંત ચોપાટી ડેવલોપમેન્ટ ના કામમાં શરત નંબર ૩ માં કન્ટેનરના કામો માટે છેલ્લા એક વર્ષમાં ૪૦ % પ્રમાણે બે ૬૦ % પ્રમાણે એક ફૂડ કન્ટેનર સપ્લાય કરતી કંપની સાથેના એમઓયુ હોવુ જરૂરી છે. અન્ય કામોમાં પાંચ વર્ષનો અનુભવ માંગવા આવ્યો છે જ્યારે આ કામમાં માત્ર એક વર્ષનો જ અનુભવ માંગવામાં આવ્યો છે. જે પણ ચોક્કસ કોન્ટ્રાક્ટર એજન્સીને ફાયદો કરાવવા માટે જ આ શરતો રાખવા આવી છે.આ ઉપરાંત સદર પેકેજમાં ડામર, સી.સી. તેમજ ફૂટપાથના કામ એક સાથે છે. જો આ પેકેજને બદલે ડામર કામ માટે અલગ, સી.સી કામ માટે અલગ, ફૂટપાથ પેવર બ્લોક કામ માટે અલગ આમ અલગ અલગ કામો ના ટેન્ડર બહાર પાડવામાં આવે તો આ વિકાસ કામો માટે ઘણી બધી એજન્સીઓ એલિજીબલ થઈ શકે અને કામ ઝડપથી થવાની સાથે એજન્સીની હરીફાઈને કારણે સરકારને પણ ફાયદો થશે. ટેન્ડરોની શરતો અને નિયમો કન્સલ્ટન્સી કંપનીએ મૂળભૂત ટેન્ડરમાં જ દર્શાવવાનું હોય છે આમ છતાં પાલિકાએ પોતાની રીતે વિશેષ શરતો ઉમેરી છે. આ શરતો છઈની ગાઈડલાઈન્સની વિરુદ્ધ છે. જેથી સાત કરતા વધુ એજન્સીઓએ આ મામલે મ્યુનિસિપલ એડમિનિસ્ટ્રેશન કમિશનર, રીજનલ કમિશનર અને મુખ્યમંત્રીને લેખિત ફરિયાદ કરી આ સમગ્ર ટેન્ડર પ્રક્રિયા સ્થગિત કરવાની માંગ કરી છે.

આ પહેલાં પણ આવા એક ટેન્ડર પ્રકરણની સુનાવણી ગુજરાત હાઈકોર્ટમાં ચાલી રહી છે. એજન્સીઓએ સરકારી ગ્રાન્ટના દુરુપયોગને રોકવા તાત્કાલિક પગલાં લેવાની માંગણી કરી છે. આમ તમામ કામોમાં પાલિકા તંત્ર દ્વારા અલગ થી જે સ્પેશિયલ કન્ડિશનો રાખવામાં આવી છે તે સંસ્થા કે સરકારના ફાયદાના બદલે ચોક્કસ કોન્ટ્રાક્ટર એજન્સીઓને ગોઠવણથી ફાયદો કરાવવા માટે જ રાખવામાં આવી છે. ત્યારે આ ટેન્ડર પ્રક્રિયાને ત્વરિત સ્થગિત કરી નિયમાનુસાર પારદર્શક રીતે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવે તેવી માંગ કરી છે.

# કુંકાવાવ તાલુકાના અમરાપર પ્રાથમિક શાળામાં વિશ્વ ભાષા દિવસ ઉજવણી

કુંકાવાવ, તા. ૨૬ઃ તારીખ ૨૫ના રોજ અમરાપુર પ્લોટ પ્રાથમિક શાળામાં વિશ્વ ભાષા દિવસની ઉજવણી કરવામાં આવી. જેના આયોજનના ભાગરૂપે શાળામાં મોર બની થનગનાટ કરે લોકનૃત્ય શાળાની ધોરણ ૮ ની બહેનોએ રજૂ કર્યું. ત્યારબાદ સ્વરચીત કાવ્ય રચના અને પંક્તિ ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓ રજૂ કરી. ધો ૬ માં અભ્યાસ કરતા રાજવીર વાળા જેવો એ અમર સાહેબના વાણીના ભજનરૂપી અનોખો સંગીતમાં સુર પુરાવ્યો. આ સમગ્ર કાર્યક્રમમાં. સેશન એકમાં ઉપસ્થિત દેવગામ થી પધારેલા અમર સાહેબ આશ્રમના મહંત શ્રી ચંદ્રેશભાઈ વાળા અને દેવગામ પ્રાથમિક શાળાના



એસએમસી અધ્યક્ષશ્રી સંજયભાઈ વાળા તથા અમરાપુર પ્લોટ પ્રાથમિક શાળાના એસએમસી અધ્યક્ષ શ્રી નિલેશભાઈ ખોયાણી તથા સમગ્ર એસએમસી ટીમ શાળા સ્ટાફ પરિવાર, તમામ બાળકો ઉપસ્થિત રહ્યા. જેમાં શ્રી ચંદ્રેશભાઈ વાળાએ ધોરણ ૬માં ભણતા વિદ્યાર્થને ₹૫૦૦ની રોકડ રકમ સ્વરૂપે ઈનામ આપ્યું. શ્રી સંજયભાઈ વાળાએ ધોરણ છ થી આઠ ના તમામ બાળકોને બાળકો બચત કરે એ હેતુસર તેમને ગલ્લા પેટી આપી પ્રોત્સાહિત કર્યા. સાથોસાથ અમરાપુર પ્લોટ પ્રાથમિક શાળાએ ચાંદલા -પુષ્પગુચ્છ તેમને સાલ થી સન્માનિત કર્યા જેમાં અમરાપુર શાળા શિક્ષક પરિવાર વતી આભારની લાગણી પ્રગટ કરી હતી.


આ શુભ દિવસે એ આઈ એફ ટીમ માંથી ધારાબેન કથીરિયા અને અનુરુધ્ધભાઈ એ શાળાના ધોરણ છ થી આઠ ના તમામ બાળકોને એડવાન્સ રોબોટિક માહિતી અને સેન્સર વિશે માહિતગાર કર્યા હતા તે બદલ અમરાપુર શાળાના આચાર્યએ આભાર માન્યો હતો.

# રાજયકક્ષાનો કાર્યક્રમ ન્યુ પરિમલ સ્કૂલમાં વિજ્ઞાન મેળા સાથે વિજ્ઞાન રેલી યોજાશે

■ **૨૮મી ફેબ્રુઆરી રાષ્ટ્રીય વિજ્ઞાન દિન ઉજવણી પરિચય વિજ્ઞાન જાથાનું રાજ્યભરમાં જિલ્લા-તાલુકા કક્ષાએ વિજ્ઞાનલક્ષી કાર્યક્રમોનું આયોજન**

રાજકોટ, તા. ૨૬ઃ તા. ૨૮ મી ફેબ્રુઆરીએ ભારત સરકાર દ્વારા પ્રતિ વર્ષ દેશભરમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિન તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસે ઈ.સ. ૧૯૨૮ માં રામન પ્રભાવની શોધ થઈ હતી. આ શોધ માટે ૧૯૩૦ માં ડો. સી. વી. રામનને નોબલ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. ભારતમાં જ સંશોધન કાર્ય કરીને નોબલ પુરસ્કાર મેળવનાર ડો. રામન એકમાત્ર ભારતીય વૈજ્ઞાનિક છે.

રાષ્ટ્રીય વિજ્ઞાન દિન તરીકે ઉજવવા પાછળનો મુળભુત હેતુ ભારતમાં વિજ્ઞાન અને ભારતીય વૈજ્ઞાનિકોનું રાષ્ટ્રીય ધ્યાન કેન્દ્રિત કરવાનો છે. આપણા રાષ્ટ્રના ઘડતરમાં વિજ્ઞાન અને વૈજ્ઞાનિકોનો રોલ અને અગત્યતા વધારવા માટે દેશભરમાં વિજ્ઞાન દિનની ઉજવણીની ખાસ જરૂર છે.



રાષ્ટ્રીય વિજ્ઞાન દિન તરીકે ૨૮મી ફેબ્રુઆરીનું નામાભિકરણ અને ઉજવણી પાછળ ડો. રામનની મહાન વૈજ્ઞાનિક સિદ્ધિની કેવળ શિષ્ટાચાર અને સમારંભ કરતાં પણ વિશેષ મહત્વ છે. દેશના મહત્વના પ્રશ્નોના ઉકેલ શોધવા, બીજા દેશોની હરોળ ભારતને અગ્રીમતા આપવી, વિદેશી ટેકનોલોજી આયાત કરીને ભારતને અનુરૂપ ટેકનોલોજીમાં પરિવર્તન કરવા અને બીજી કેટલીક રાષ્ટ્રીય મહત્વાકાંક્ષાઓ પૂર્ણ કરવા ભારતીય વિજ્ઞાનીઓની ફરજ થઈ પડે છે. આ માટે પણ રાષ્ટ્રીય વિજ્ઞાન દિનની ઉજવણી અતિ જરૂરી છે.

ડો. સી. વી. રામન ''રામન પ્રભાવ'' ની શોધ માટે તેમણે બનાવેલ સાધનનો ખર્ચ માત્ર રૂા.૨૦૦/- (બસ્સો) થયો હતો. પરંતુ તેના દ્વારા વિજ્ઞાનની એક નવી દિશા ખુલી. સમગ્ર વિશ્વમાં આ શોધ દ્વારા ગૌરવ પ્રાપ્ત થયું તેની જાહેરાત સૌપ્રથમ ૨૮-૦૨-૧૯૨૮માં થઈ હોય આ શોધને સન્માનિત કરીને સાથોસાથ આ દિવસ સમગ્ર સમાજમાં વૈજ્ઞાનિક અભિગમ - દ્રષ્ટિકોણ કેળવાય તેમજ અંધશ્રદ્ધા દૂર કરવા જાગૃતિ માટેનો દિવસ છે. ડો. રામનને બાળકો, વિદ્યાર્થીઓમાં અતિ રૂચિના કારણે પ્રાથમિક શાળામાંથી વિજ્ઞાનને મહત્વ આપી વૈજ્ઞાનિક લાગણીને કારણે વિજ્ઞાનના કાર્યક્રમો યોજવા સંબંધી શોધની જાહેરાતની તારીખ પસંદ કરવામાં આવી હતી.

રાજયકક્ષાનો કાર્યક્રમ રાજકોટ કાલાવડ રોડ ન્યુ પરિમલ સ્કૂલમાં વિજ્ઞાન મેળો અને વિજ્ઞાન રેલીના આયોજનથી કરવામાં આવશે. સ્કૂલના સંચાલક ચંદ્રકાંતભાઈ મંડિર, બ્રિજેશભાઈ મંડિર અને પ્રિન્સીપાલ અલ્પાબેન મંડિરના માર્ગદર્શન હેઠળ રાજમાર્ગો ઉપર વિજ્ઞાન આવે ભુત ભાગે, વિજ્ઞાન આવે સમૃદ્ધિ લાવે, ભુત-ભુવા ને ડાકલા ત્રણેય તુતે તુતના સુત્રોચ્ચાર કરી વૈજ્ઞાનિક મિજાજ કેળવવાનો પ્રયત્ન કરવામાં આવશે. જિલ્લા, તાલુકા મથકે સ્થાનિક શુભેચ્છકો, શાળાઓની મદદથી વિજ્ઞાન નિબંધ, ચિત્ર અને વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરી સામાજિક ચેતનાનું કાર્ય કરવામાં આવશે. જાથાના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયાનો અભિગમમાં સામાન્ય માણસ ગણિત, વિજ્ઞાનમાં રસ કેળવે તે હેતુ છે. વિજ્ઞાનનો વ્યકિત સ્પષ્ટ વિચારધારાવાળો હોવો જોઈએ. પોતે જે બોલે છે તેનું આચરણ કરે છે તે બાબતે ધ્યાનમાં લેવામાં આવે છે.

અંતમાં ડો. સી.વી. રામનની ''રામન પ્રભાવ''ની શોધ સાથે અત્યાર સુધી દેશ-વિદેશમાં વૈજ્ઞાનિકોએ કરેલ અનેરી સિદ્ધિ શોધથી આમજનતા, છાત્ર-છાત્રાઓ માહિતગાર થાય તેથી રાજયભરમાં જિલ્લા-તાલુકા મથકે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

# મહાશિવરાત્રી પુર્વે યાર્ડમાં સકકરીયા અને બટેટાનો ચિકકાર માલ ઠલવાયોઃ ૧૦ ગણી આવક

રાજકોટ તા.૨૬ઃ આવતીકાલે ભારતભરમાં મહાશિવરાત્રીની ઉજવણી કરવામાં આવશે ત્યારે આવતીકાલ માટે લોકો સવારથી ફરાળ કરી ઉજવણી કરે છે. ખાસ સકકરીયામાંથી બનતી વસ્તુઓ આરોગવામાં આવે છે.

ત્યારે યાર્ડમાં સકકરીયા અને ફરાળમાં સૌથી વધુ વપરાશમાં આવતા બટેટાની ચીકકાર આવક ઠલવાય છે, ગઈકાલે અને આજે બન્ને દિવસોમાં અંદાજે ૧૦૦થી વધુ ગાડી યાર્ડમાં ઠલવાય છે.

ગત વર્ષની સરખામણીએ આ વર્ષે સકકરીયામાં ૧૦ ગણો અને બટેટાની આવકમાં ૨૫ ટકા આવક વધી છે.



યાર્ડમાં બટેટાની ૪૨૦૦ કવીન્ટલ આવક ઠલવાય છે. હાલ મહાશિવરાત્રી પર્વ નિમિતે સકકરીયા અને બટેટાની માંગ પણ વધુ હોવાથી યાર્ડમાંથી માલનો નિકાલ પણ થઈ રહ્યો છે. સકકરીયા ખંભાતમાંથી આવી રહ્યા છે.

આવતીકાલે મહાશિવરાત્રી પર્વ અને ગુરૂવારે અમાસ નિમિતે યાર્ડ બે દિવસ બંધ રહેશે. આથી આજે યાર્ડમાં મબલખ આવક થઈ રહી છે અને વેપારીઓ માલનો નિકાલ કરી રહ્યા છે. સકકરીયાનો યાર્ડમાં ૨૦ કિલોના રૂા.૨૦૦થી૨૫૦ અને બટેટાના ૨૦ કિલોના રૂા.૧૬૦-૨૫૦ બોલાયા હતા.

## ચોટીલા લગ્નપ્રસંગે જતા માલીયાસણ નજીક અકસ્માત, રોંગ સાઇડ આવતો ટ્રક ફરી વળતા રીક્ષાનું પડીકું વળી ગયું



# રાજકોટ-અમદાવાદ હાઈવે પર ટ્રક-રિક્ષા વચ્ચે ભયાનક અકસ્માત, ૬ના મોત

રાજકોટઃ રાજકોટનાં માલીયાસણ નજીક મંગળવારે સાંજના ૫ વાગ્યા આસપાસ ગોઝારો અકસ્માત સર્જાયો હતો. જેમાં પૂરપાટ ઝડપે રોંગસાઈડમાં આવતા ટ્રકે અડફેટે લેતા રીક્ષાનો બુકડો બોલી ગયો હતો. અકસ્માત એટલો ભયાનક હતો કે, રિક્ષામાં બેઠેલા ૭ પૈકી ૬ વ્યક્તિઓનાં ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યા હતા. આ તમામ મૃતકો નવાગામનાં હોવાનું અને લગ્ન પ્રસંગ માટે ચોટીલા જતા હોવાનું સામે આવ્યું છે. મૃતકોમાં ૧ વર્ષની બાળકી તેમજ ચાર મહિલાઓનો પણ સમાવેશ થયો છે. આ અંગેની જાણ થતા ૧૦૮ તેમજ ફાયર વિભાગ અને પોલીસની ટીમો દોડી આવી હતી અને એક ગંભીર રીતે ઘાયલ વ્યક્તિને સારવાર માટે ખસેડી મૃતકોની લાશને પોસ્ટમોર્ટમ માટે ખસેડી ટ્રક ડ્રાઈવરને ઝડપી પાડવા માટે તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગત મુજબ, કુવાડવા રોડનાં માલિયાસણ નજીક ચાંદની રેસ્ટોરન્ટથી આગળ અમદાવાદ તરફથી પૂરપાટ ઝડપે આવતા ટ્રકનાં ચાલકે સામેથી આવતી એક ઈગ્રઋ રીક્ષાને અડફેટે લીધી હતી. જેને પગલે રિક્ષામાં સવાર ૧ વર્ષની બાળકી, ચાર મહિલાઓ અને એક પુરુષ સહિત ૬ લોકોનાં ઘટનાસ્થળે મોત નીપજ્યા હતા.

**મૃતકો**

યુવરાજ રાજુભાઈ લકુમ (૨૭ વર્ષ)
વેદાંશી સાગર સોલંકી (૧ વર્ષ)
ભૂમિબેન રાજુભાઈ લકુમ (૩૫ વર્ષ)
શિતલબેન યુવરાજ સોલંકી (૨૯ વર્ષ)
શારદાબેન જીણાભાઈ લકુમ (૫૦ વર્ષ)
નંદનીબેન સાગરભાઈ સોલંકી (૨૫ વર્ષ)

# સિધ્ધનાથ કોટેક્ષના ડાયરેકટરો સામે રકમ રૂ. ૬૮.૨૬ લાખના ચેકો રીટર્ન થયા અંગેની નેગોશીચેબલ ફરીયાદો નોંધાઇ

રાજકોટના રહીશ અને શિતલ પાર્ક ખાતે ઓફીસ ધરાવતા શ્રી તુષારભાઇ ચંદ્રકાંતભાઇ પાબારી કે જેઓ શ્રી ગીરીરાજ એગ્રીકોમ ભાગીદારી પેઢીના ભાગીદાર પાસેથી ચોટીલામાં થાન રોડ ઉપર આવેલ સિધ્ધનાથ કોટેક્ષ પ્રા.લી. ના ડાયરેકટરોએ રકમ રૂ. ૬૮,૨૬,૮૩૭/- નો માલ ખરીદ કર્યો હતો.

રકમ રૂ. ૬૮,૨૬,૮૩૭/- નું ફરીયાદીનું માલ પેટેનું કાયદેસરનું લેણું અદા કરવા આરોપી કંપની વિત તેના ડાયરેકટરોએ ફરીયાદી પેઢી જોગ ચેકો ઈસ્યુ કરી આપ્યા હતાં. જે ચેકો રીટર્ન થતાં આરોપી કંપની અને તેના ડાયરેકટરોને નોટીસ પાઠવવામાં આવેલ તેમ



છતાં રકમ નહી ચુકવતા ચેકો રીટર્ન થયાં અંગેની રાજકોટ કોર્ટમાં નેગોશીચેબલ ઈન્સ્ટુમેન્ટ એક્ટ હેઠળ ફરીયાદ દાખલ કરવામાં આવેલ.

ફરીયાદી તરફે એડવોકેટ સંકેત પી. વસાણીએ રજુઆત કરેલ કે, રેકર્ડ પરની હકીકતોથી સ્પષ્ટ ફલીત થાય છે કે, આરોપીઓએ ફરીયાદી પેઢી પાસેથી માલ લઈ તે માલની રકમ અદા કરવા આપેલ ચેકો આપી, ચેકો પાસ થવા ન દઈ આરોપીઓએ ગુંહો આચરેલ છે, જે રજુઆતો ધ્યાને લઈ સિધ્ધનાથ કોટેક્ષ પ્રા.લી. અને તેના ડાયરેકટરો વિરેન સુરેશભાઇ લુણાગરીયા, દર્શન રમણીકભાઈ ભાલાળા તેમજ સુરેશભાઈ ગોવિંદભાઈ લુણાગરીયાને અદાલતમાં હાજર થવા સમન્સ ઈસ્યુ કરતો હુકમ કરવામાં આવેલ છે.આ કેસમાં ફરીયાદી પેઢી તિ પ્રફુલ બી. વસાણી, સંકેત પી. વસાણી તથા ધ્રુતિ પી. વસાણી અને સાથી સહાયક તરીકે ઉદીત જોષી તેમજ કેલ્વીન ગજેરા રોકાયેલા હતાં.



## ગોંડલમાં દારૂ પીતા હોવાનો વિડીયો યુવકે સોશ્યલ મિડીયામા અપલોડ કર્યો

ગોંડલમા જાહેરમાં દારૂ પીતા હોવાનો વિડીયો એક યુવકે પોતાની ફેસબુક આઈડી પર અપલોડ કરતાં પોલીસ ની કામગીરી સામે સવાલ ઉઠ્યા છે. એક તરફ દારુ બંધી અને બીજી તરફ જાહેર જગ્યાએ ખુલ્લામાં દારૂની મોજ માણતા હોવાનો વિડીયો અપલોડ કરતા દારુ બંધી માત્ર કાગળ ઉપર હોય તેવું જણાઈ આવે છે.

# શિવરાત્રી પૂર્વે ફરી રામનાથ મહાદેવ યાદ આવ્યાઃ મંદિર પરિસરની સફાઇઃ હવે કાયમી છુટકારાની જરૂર

### વર્ષોથી શાસક પક્ષના ચૂંટણી ઢંઢેરા અને બજેટમાં રહેતા છોટે કાશી રી - ડેવલપમેન્ટ પ્રોજેકટને શરૂ કરવા હજુ કેટલા આશિર્વાદ જોઇએ છે? ટેન્ડર પણ રાહ જોઇને બેઠા છે ૨૮ ટન કચરો ઉલેચાયો

રાજકોટ, તા. ૨૫

રાજકોટની મધ્યમાંથી પસાર થતી આજી નદી સાથે જોડાયેલા અને પૂરા નગરની આસ્થા સાથે જોડાયેલા સ્વયંભૂ શ્રી રામનાથ મહાદેવ મંદિરની અને આજુબાજુના ભાગની ગઇકાલે સવારે મહાપાલિકાના પદાધિકારીઓએ રૂબરૂ હાજર રહીને સફાઇ કરાવી હતી.

શિવરાત્રીના આગલા દિવસે પણ આજે આ ગંદકી સાફ કરવામાં આવી હતી. આવતીકાલે હજારો ભકતો મંદિરે ઉમટી પડશે ત્યારે ભકતોને ઓછામાં ઓછી યાતનાનો અનુભવ થાય તેવો પ્રયાસ તો કરાયો છે, પરંતુ હવે વર્તમાન ભાજપ શાસકોની ચાલુ ટર્મના અંતિમ વર્ષમાં રામનાથ મંદિર રી-ડેવલપમેન્ટ કરવાની (પવિત્ર) યોજના કમ સે કમ શરૂ થઇ જાય





તેવું વિશાળ વર્ગ ઇચ્છી રહ્યો છે.

દોઢ દાયકા અગાઉની અને જે તે વખતે ૧૨૦૦ કરોડની જાહેર કરવામાં આવેલી આજી રીવરફ્રન્ટ યોજના તો હાલ પેન્ડીંગ રાખી દેવી પડી છે. તેમાંથી મંદિર વિસ્તારનો એક કિ.મી.નો ભાગ કાયમ પવિત્ર રહે તે પ્રકારે ડેવલપ કરવાનું આયોજન થયું છે. ચાલુ નાણાકીય વર્ષમાં પણ આ કામના ટેન્ડર બહાર પડયા નથી. નવા વર્ષમાં જોગવાઇ રાખવામાં આવી છે.

શિવરાત્રી, શ્રાવણ મહિના જેવા પર્વે જ રામનાથ મહાદેવની પવિત્રતા સૌને યાદ આવે છે. અહીં ગટરના પાણીની નદીના કારણે થતા અનુભવથી સૌ વાકેફ છે. પરંતુ આ જગ્યા પવિત્ર કરવાનું કામ કોઇ શરૂ પણ કરાવી શકયા નથી. ભાજપ શાસકે બજેટથી માંડી ચૂંટણી ઢંઢેરામાં પણ આ યોજનાનો સમાવેશ કરે છે. પરંતુ કામ કયારે થશે તે કોઇ કહી શકતું નથી.

આથી હવે શ્રાવણ મહિનો અથવા આવતી શિવરાત્રી પૂર્વે કમ સે કમ મંદિર પરીસરનું રી-ડેવલપમેન્ટ શરૂ થઇ જાય તેવી પ્રાર્થના ભકતોએ કરી છે. તો શાસક ટીમને આ માટે મહાદેવ પૂરી પ્રેરણા આપે તેવી પણ લાગણી વ્યકત કરી છે.

આજથી લગભગ ૫૫૦ વર્ષ પહેલા સ્વયંભૂ રીતે પ્રગટ થયેલ શ્રી રામનાથ મહાદેવ આજી નદીના કાંઠે બિરાજે છે. આજી નદીના બંને વહેણો વચ્ચે સુંદર પ્રાકૃતિક વાતાવરણ વચ્ચે બિરાજેલ દેવોના દેવ મહાદેવ ભાવિકો સાથે રાજકોટનું આસ્થા બિંદુ છે. જયારે આજી નદીમાં પૂર આવે ત્યારે આજી નદી પણ રામનાથ મહાદેવનો જલાભિષેક કરે છે.

શ્રી રામનાથ મહાદેવના દર્શન તથા પૂજા માટે૨૪ કલાક ભકતજનો આવે છે. શહેરનો સૌથી પ્રાચીન વિસ્તાર જુનું રાજકોટનું રામનાથપરા છોટેકાશી તરીકે જાણીતું છે. મહાશિવરાત્રી પવિત્ર તહેવાર નિમિતે રાજકોટના હજારો ભક્તો રામનાથ મહાદેવના દર્શન તથા પૂજાનો લાભ લેતા હોય છે.

સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા ગઇકાલે શ્રી રામનાથ મહાદેવ મંદિર પરિસર તેમજ આજુબાજુની સફાઈ કરવામાં આવી હતી. જેમાં ૪૦ સફાઇ કર્મચારીઓ, જે.સી.બી-૨, ડમ્પર-૩, ટ્રેક્ટર-૨ તથા મીની ટીપર દ્વારા ૨૮ ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ હતો.

# રિલાયન્સ મોલમાંથી ખજુર - ગોળના ચાર નમુના લેતુ ફૂડ તંત્ર

### શાસ્ત્રી મેદાન સામે, માયાણી ચોકની ખાણીપીણી બજારમાં ૪૦ ધંધાર્થીને ત્યાં ચેકીંગઃ ૧૪ને નોટીસ



રાજકોટ, તા. ૨૫

મ્યુનિ. કોર્પોરેશનની આરોગ્ય અને ફૂડ શાખાએ નાના મવા ચોક પાસેના રિલાયન્સ મોલમાંથી જુદી જુદી કંપનીના ખજુર અને ગોળના ચાર નમુના લઇને લેબોરેટરી પરીક્ષણ માટે મોકલ્યા છે.

આરોગ્ય વિભાગે જાહેર કરેલી વિગત મુજબ નાના મવા ચોક પાસે આવેલ રિલાયન્સ રીટેલ લીમીટેડમાંથી રસમલાઇ ગોલ્ડ દેશી ગોળ, ઝાહીદી ખજુર, નેચર્સ ચોઇસ ખજુર, એમ્પેરરના સેમ્પલ લઇને પરીક્ષણ માટે મોકલવામાં આવેલ છે તો શાસ્ત્રીમેદાન સામેની ખાણીપીણી બજારવાળા હોકર્સ ઝોન, રાજનગર ચોકથી માયાણી ચોક વિસ્તારમાં ૪૦ ફૂડના ધંધાર્થીને ત્યાં ૩૭ નમુનાની ચકાસણી કરવામાં આવી હતી.

તો ૧૪ વેપારીને લાયસન્સ માટે નોટીસ આપવામાં આવી છે. તેમાં (૧)વિશાલ ઘૂઘરા (૨)સોનું ઘૂઘરા (૩)સીતારામ છોલે ભટુરે (૪)જય સોમનાથ ઘૂઘરા (૫)શ્રી રામદેવ ભેળ (૬) રૂહી મોમઝ (૭)પ્રકાશ ઘૂઘરા (૮)જય માતાજી છોલેભટુરે (૯)અમરનાથ ડેરી ફાર્મ (૧૦)શિવ શક્તિ ઘૂઘરા (૧૧)શ્રી હરિ ભોજનાલય (૧૨)જૈનીલ ડાઇનિંગ હોલ (૧૩)ગણેશ મદ્રાસ કાફે (૧૪) એ ટુ ઝેડ ઘૂઘરાનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત (૧૫) ભૂરાભાઇ રાગડાવાળા (૧૬) ક્રિષ્ના ઘૂઘરા (૧૭) લલિતભાઇ ચાટવાલા (૧૮) ક્રિષ્ના છોલેભટુરે (૧૯) મની મદ્રાસ કાફે (૨૦)જય મોમઇ છોલેભટુરે (૨૧)બોમ્બે વડાપાઉં (૨૨)શક્તિકૃપા દાળપકવાન (૨૩) શક્તિ કોલ્ડ્રિંક્સ (૨૪)રામભાઇ રગડાવાળા (૨૫) સનમ ભૂંગળાબટેટા (૨૬)સંતોષ નાસ્તા હાઉસ (૨૭) મારુતિ ગાંઠિયા (૨૮) શ્રધ્ધા શોપિંગ સેન્ટર (૨૯) ગોકુલ સ્નેક્સ (૩૦)પીઝા સ્ટુડિયો (૩૧)એચ.એન.એન્ટરપ્રાઇઝ (૩૨) રામવિજય ડ્રાયફ્રૂટ (૩૩) ઢોસા બાઇટ (૩૪) બાબુભાઇ રગડાવાળા (૩૫)હરિ ઓમ ઢોસા (૩૬)સંતોષ ભેળ (૩૭) શિવાંશી પાણીપુરી (૩૮)બાલાજી સાઉથ ઇંડિયન (૩૯)કાકા સોડા શોપ (૪૦)જય દ્વારકાધીશ ટી સ્ટોલમાં ચકાસણી કરવામાં આવી હતી.

# મંદીની આહટ દૈનિક રોકડ ટર્નઓવર ઘટી રૂપિયા ૧ લાખ કરોડની અંદર

મુંબઈ વૈશ્વિક અનિશ્ચિતતાને કારણે ભારતીય શેરબજારમાં ભારે વોલેટિલિટીને પરિણામે વેપાર પ્રવૃત્તિઓ પર અસર પડતા વર્તમાન મહિનામાં કેશ તથા ડેરિવેટિવ સેગમેન્ટ બન્નેમાં સરેરાશ દૈનિક ટર્નઓવર નોંધપાત્ર ઘટી ગયો છે. બીએસઈ તથા એનએસઈના ડેટા પ્રમાણે, બન્ને એકસચેન્જો પર કેશમાં સરેરાશ દૈનિક ટર્નઓવર વર્તમાન મહિનામાં ઘટી રૂપિયા એક લાખ કરોડની અંદર સરકી ગયું છે, જે નવેમ્બર, ૨૦૨૩ બાદ પહેલી વખત જોવા મળ્યું છે.

એટલુ જ નહીં ફેબ્રુઆરીમાં સતત આઠમા મહિને ટર્નઓવરમાં માસિક ધોરણે ઘટાડો જોવા મળ્યો છે.જાન્યુઆરીમાં આ આંક રૂપિયા ૧.૧૦ લાખ કરોડ રહ્યો હતો. ફ્યુચર્સ એન્ડ ઓપ્શન્સમાં સરેરાશ ટર્નઓવર ઘટી રૂપિયા ૧૮૫.૩૯ લાખ કરોડ સાથે ડિસેમ્બર, ૨૦૨૨ બાદ એટલે કે બે વર્ષની નીચી સપાટીએ જોવા મળ્યું છે. જાન્યુઆરીમાં આ આંક રૂપિયા ૨૯૮ ટ્રિલિયન અને ડિસેમ્બર ૨૦૨૪માં રૂપિયા ૨૮૦ ટ્રિલિયન રહ્યો હતો.

ડિસેમ્બરથી સેબીએ એકસચેન્જ દીઠ એક વીકલી એકસપાઈરી અને ઊંચા એકસ્ટ્રીમ લોસ માર્જિનનું ધોરણ લાગુ કર્યું છે. આ ઉપરાંત ૧લી એપ્રિલથી પોઝિશન્સની ઈન્ટ્રાડે દેખરેખનો નિયમ પણ લાગુ થઈ રહ્યો છે, આને કારણે પણ વેપાર વોલ્યુમમાં વધુ ઘટાડો જોવા મળવા સંભવ છે.

ગયા વર્ષના ઓકટોબર બાદ બેન્ચમાર્ક ઈન્ડાઈસિસ ઉપરાંત મિડકેપ, સ્મોલકેપ તથા સેકટરલ ઈન્ડેકસમાં જોરદાર ધોવાણ થઈ રહ્યું છે જેને કારણે રોકાણકારોનું માનસ ખરડાયું છે. ફેબ્રુઆરીમાં અત્યારસુધીમાં સેન્સેકસ તથા નિફટીમાં ત્રણ ટકા જ્યારે બીએસઈ મિડકેપ ૬ ટકા અને સ્મોલકેપ્સ ઈન્ડેકસ આઠ ટકા જેટલા ઘટી ગયા છે. ભૌગોલિકરાજકીય તાણને કારણે પણ રોકાણકારો જોખમ લેવાનું ટાળી રહ્યા છે એટલું જ નહીં બેન્કો દ્વારા થાપણ દરોમાં તાજેતરમાં કરાયેલા વધારાથી રોકાણકારો મુદતી થાપણ તરફ વળી રહ્યાનું પણ જોવા મળી રહ્યું હોવાનું એક વિશ્લેષકે જણાવ્યું હતું.

# બોર્ડની પરીક્ષા આપતા તમામ વિદ્યાર્થીઓ ખૂબ સકારાત્મક અભિગમ સાથે પરીક્ષા આપીને જ્વલંત સફળતા પ્રાપ્ત કરે તેવી શુભેચ્છા અને અભિનંદન પાઠવતા રાજકોટ મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ







રાજકોટ મહાનગરપાલિકાના મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમની ઠાકર, શાસકપક્ષ નેતા લીલુબેન જાદવ, શાસકપક્ષ દંડક મનીષભાઇ રાડીયાએ એક સંયુકત યાદીમાં જણાવે છે કે, તા.૨૭-મી ફેબ્રુઆરી, ૨૦૨૫થી શરૂ થતી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષામાં વિદ્યાર્થીઓ ખૂબ સકારાત્મક અભિગમ સાથે પરીક્ષા આપીને શ્રેષ્ઠ દેખાવ સાથે ઉજ્જવળ કારકિર્દી બનાવે તેવી શુભેચ્છાઓ પાઠવે છે. વિશેષમાં પદાધિકારીશ્રીઓ જણાવે છે કે, વિદ્યાર્થી જીવનનો સુવર્ણ સમય એ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની બોર્ડની પરીક્ષાનો સમય છે. આ પરીક્ષા બાદ કારકિર્દી માટે એક નવી દિશા મળે છે. અસફળતા થવાના ભયથી દુર રહી, નકારાત્મકતાને દૂર કરી, માત્રને માત્ર ધ્યેયને કેન્દ્રમાં રાખવા જણાવે છે. પરીણામ એ પરીશ્રમ પર આધારીત છે એટલે ખુબ મહેનત કરો, એનું પરીણામ સફળતારૂપે ચોક્કસપણે મળે જ છે. પરીક્ષામાં આત્મવિશ્વાસ સૌથી વધારે જરૂરી હોય છે, આત્મવિશ્વાસથી પેપર લખો અને જ્વલંત સફળતાઓ પ્રાપ્ત કરો તેવી શુભેચ્છા અને અભિનંદન પાઠવે છે.

# રાજકોટ જિલ્લાની આરોગ્ય શાખા બાળકોની સ્વાસ્થ્ય સુખાકારી અર્થે પ્રયાસશીલ

## ‘‘રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ‘‘ અંતર્ગત અતિગંભીર બીમારી ધરાવતા ૧૭૫ બાળકોને સુપર સ્પેશ્યાલીસ્ટ દ્વારા સારવાર નિઃશુલ્ક અપાઈ

### ‘‘મિશન બલમ સુખમ’’ અન્વયે ૪૮૩ બાળકોને બાળ સેવા કેન્દ્રનો લાભ અપાયો : ૧૫૫ બાળકો સંપૂર્ણ સ્વસ્થ

રાજકોટઃ રાજકોટ જિલ્લા પંચાયત આરોગ્ય શાખા બાળકોની સ્વાસ્થ્ય સુખાકારી અર્થે સતત પ્રયાસશીલ છે. ભારત સરકાર દ્વારા બાળકોમાં રહેલી સામાન્ય બીમારીની શોધવા બીમાર બાળકોને નિષ્ણાત ડોકટરો પાસે જરૂરી સેવાઓ આપવા અને ગંભીર બીમારી ધરાવતા બાળકોને સુપર સ્પેશ્યાલીસ્ટ સેવાઓ વિનામૂલ્યે આપવાના આશયથી ‘‘રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ‘‘ અમલમાં મુકવામાં આવ્યો છે. જે અંતર્ગત રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૨૪ દરમિયાન આંગણવાડી કેન્દ્રો અને શાળાઓમાં કુલ ૩,૫૦,૬૩૧ બાળકોની તપાસણી કરવામાં આવી હતી. જે પૈકી ૩૨,૧૨૮ બાળકો ખામીવાળા મળી આવ્યા હતા. જેમાંથી ૨૫,૩૪૯ બાળકોને સ્થળ પર જ સારવાર આપવામાં આવી હતી અને ૬૭૭૯ બાળકોને સંસ્થાગત સારવાર આપવામાં આવી હતી. જેમાં અતિગંભીર બીમારી ધરાવતા ૧૭૫ બાળકો પૈકી ૧૧૬ બાળકો હૃદયની બીમારી, ૨૪ બાળકો કીડનીની બીમારી, ૨૯ બાળકો કેન્સર અને ૬ બાળકો કોંકલીયર ઈમ્પ્લાન્ટની બીમારી ધરાવતા હતા. તેઓને અમદાવાદ ખાતે સુપર સ્પેશ્યાલીસ્ટ સારવાર નિઃશુલ્ક આપીને તેમની જિંદગી બચાવી લેવામાં આવી છે.

આ ઉપરાંત, ગુજરાત સરકાર દ્વારા બાળકોમાં કુપોષણનું પ્રમાણ અટકાવવા માટે ‘‘મિશન બલમ્? સુખમ‘‘ અન્વયે તાલુકા કક્ષાએ બાળ સેવા કેન્દ્ર શરૂ કરવામાં આવ્યા છે. જે રાજકોટ જિલ્લામાં તાલુકા સરકારી હોસ્પિટલ ગોંડલ, જસદણ, ધોરાજી તથા સામૂહિક આરોગ્ય કેન્દ્ર વિરપુર (જલારામ) ખાતે કાર્યરત છે. તેમજ જનાના હોસ્પિટલ ખાતે બાળ સંજીવની કેન્દ્ર કાર્યરત છે. જેમાં વર્ષ ૨૦૨૪-’૨૫માં ડીસેમ્બર, ૨૦૨૪ અંતિત ૪૮૩ બાળકોને લાભ આપવામાં આવ્યો હતો. જેમાંથી ૧૫૫ બાળકો સંપૂર્ણ સ્વસ્થ થઇ ચૂક્યા છે, બાકીના ૩૨૮ બાળકો સારવાર હેઠળ છે, તેમ રાજકોટ જિલ્લા પંચાયતની આરોગ્ય શાખાની યાદીમાં જણાવાયું છે.

# સડક પીપળિયા પાસે આઈસરે બે શ્રમિકને ઠોકરે લીધા, એકનું મોત

### રોડનું કામ ચાલતું હોય એક માસથી મજૂરીકામે આવ્યા હતો



રાજકોટ જિલ્લાના ગોંડલ પાસેના સડક પીપળિયા ગામના પાટિયા પાસે હિટ એન્ડ રનનો બનાવ બન્યો હતો જેમાં મોડી રાત્રીના બેકાબૂ આઈસરે ડિવાઈડર પર સૂતેલા બે શ્રમિકને ઠોકરે લેતા એક શ્રમિકનું મોત નીપજ્યું હતું જ્યારે અન્ય એક શ્રમિકને ગંભીર હાલતમાં સારવાર માટે રાજકોટની સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો છે.

મૂળ રાજસ્થાનના ઢોલાપુર જિલ્લાના હિસાડી ગામના અને હાલ ગોંડલ તાલુકાના સડક પીપળિયા ગામના પાટિયા પાસે રહેતા અને હાઈવે રોડનું મજૂરીકામ કરતા મુનેશ રામખેલાડી અઝર (ઉ.૪૨)અને તેના ગામનો અજય કૈલાશ કૌશલ (ઉ.૧૮) રાત્રીના કામ પૂરું કરી રોડના ડિવાઈડર પર અન્ય શ્રમિકો સાથે સૂતા હતા તે દરમિયાન મોડી રાત્રીના બેકાબૂ આઈસરના ચાલકે ઠોકરે લેતા બન્નેને ગંભીર ઈજા થતા તેને વધુ સારવાર માટે રાજકોટની સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. જેમા મુનેશ અઝરનું ટૂંકી સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

બનાવને પગલે પીએસઆઇ સોલંકી સહિતે તપાસ કરતા મૃતક મુનેશ સહિતના રાજસ્થાનના શ્રમિકો છેલ્લા છએક માસથી પેટિયું રળવા ગુજરાત આવ્યા હતા અને અગાઉ ઢોલરા ખાતે રોડનું કામ પૂર્ણ કરી ગોંડલ પાસેના રોડનું કામ કરવા માટે છેલ્લા એકાદ માસથી અહીં આવ્યા હતા. પોલીસની વધુ પૂછતાછમાં મૃતક યુવક ચાર ભાઈમાં વચેટ હોવાનું અને તેને સંતાનમાં ત્રણ પુત્રી અને બે પુત્રી હોવાનું પરિવારે જણાવ્યું હતું. પોલીસે મૃતકના પરિવારની ફરિયાદ નોંધવાની તેમજ અકસ્માત કરી નાસી છૂટનાર આઈસરના ચાલક સામે ગુનો નોંધવાની તેમજ આરોપીને પકડી લેવાની કાર્યવાહી કરી છે.

### રાજકોટમાં કાયદેસર સ્લોટર હાઉસ માત્ર એક – ગેરકાયદે અનેક

# રાજકોટ મનપાનું જાહેરનામુ જ મજાકરૂપ બન્યું: કતલખાનાને લગતી કામગીરી આરોગ્ય વિભાગને સોંપી દેવાઇ

રાજકોટ, તા.૨૬
આજે મહાશિવરાત્રી પર્વની ભકતો આસ્થા સાથે ઉજવણી કરવાના છે ત્યારે છેલ્લા અઠવાડિયાથી મનપા દ્વારા બહાર પાડવામાં આવતા કતલખાના બંધ રાખવાના જાહેરનામાનો વિવાદ તહેવારના બે દિવસ અગાઉ સુધી ચાલુ રહ્યો છે. અંતે ગઇકાલે સાંજે આરોગ્ય વિભાગે જાહેરનામુ પ્રસિધ્ધ કરી કતલખાના ઉપરાંત માંસ, મટન, મચ્છી, ચિકનના વેંચાણ તથા સ્ટોર ઉપર પણ પ્રતિબંધ મુકતો હુકમ બહાર પાડયો છે.

લાંબા સમયથી મહાપાલિકાની સોલીડ વેસ્ટ શાખા માત્ર કતલખાના બંધ રાખવાના જાહેરનામા બહાર પાડતી હતી. પરંતુ આ વખતે જીવદયા પ્રેમી સંસ્થાઓ અને ભકતો દ્વારા માંસ, મટનના વેંચાણ પર પ્રતિબંધ મુકવા ઉચ્ચ કક્ષાએ રજુઆતો કરાઇ હતી. જેના પગલે આ સમગ્ર કામગીરી કમિશ્નરે સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ પાસેથી લઇને આરોગ્ય



વિભાગને હવાલે કરી દીધી છે.

તેના પગલે ગઇકાલે આરોગ્ય અધિકારીએ નવું અને અંતિમ જાહેરનામું બહાર પાડયુ હતું. તેમાં તા. ૨૬ના શિવરાત્રીના દિવસે કોર્પો. વિસ્તારમાં આવેલા તમામ પ્રકારના કતલખાના બંધ રાખવા તેમજ માંસ, મટન, મચ્છી, ચિકનના વેંચાણ તથા સ્ટોર પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. આ હુકમનો ભંગ કરનાર સામે બાયલોઝ અંતર્ગત કાર્યવાહી કરવામાં આવશે તેવું જાહેર કરાયું છે.

ગત તા. ૧૯ના રોજ કમિશ્નરે તમામ કતલખાના તા.૨૬ના રોજ બંધ રાખવા હુકમ જાહેર કર્યો હતો. પરંતુ ભકતો અને જીવદયાપ્રેમીઓએ માંસ, મટનના વેચાણ પર પ્રતિબંધની માંગણી કરી હતી. વાસ્તવમાં સોલીડ વેસ્ટ વિભાગે સરકારના પૂરા રાજયમાં કતલખાના બંધ રાખવાના હુકમની અમલવારી કરતું જાહેરનામુ બહાર પાડ્યુ હતું.

અગાઉ ગત વર્ષે સંવત્સરી, શ્રાવણ માસ, મીટલેસ ડે, ગાંધી જયંતિએ પણ કતલખાના બંધ રાખવા જાહેરનામા બહાર પાડયા હતા પરંતુ આ વખતે માંસ, મટનના વેચાણ પર પ્રતિબંધ મુકતા હુકમ બહાર પાડવા રજુઆત થઇ હતી. આવી વસ્તુનું વેંચાણ ફૂડ આઇટમમાં આવે છે. ચેકીંગ પણ આરોગ્ય વિભાગ કરી શકે છે. આથી આ તમામ કામગીરી કમિશ્નરે આરોગ્ય વિભાગને સોંપી દીધી છે.

જોકે માત્ર જાહેરનામા વિસ્તારવાથી ફર્ક પડતા નથી. રાજકોટમાં એક કાયદેસરના કતલખાના સિવાય ઘણી જગ્યાએ ગેરકાયદે સ્લોટર હાઉસ ધમધમે છે. માંસ, મટન, મચ્છીના બેફામ વેચાણ થતા હોય છે.

# દિલ્હી વિધાનસભામાં 'કેગ' રિપોર્ટ મુદ્દે ભારે હોબાળો

## આતિશી સહિત આમ આદમી પાર્ટીના ૨૨ ધારાસભ્યો એક દિવસ માટે સસ્પેન્ડ



નવી દિલ્હી,તા.૨૫
દિલ્હી વિધાનસભાની કાર્યવાહી આજે મંગળવારે હોબાળા સાથે શરૂ થઈ હતી. ઉપરાજ્યપાલના અભિભાષણ વચ્ચે વિપક્ષ આમ આદમી પાર્ટીના ધારાસભ્યોએ ભારે હોબાળો કર્યો હતો. સ્પીકરે વિપક્ષ નેતા આતિશી સહિત હોબાળો કરનારા તમામ ધારાસભ્યોને બહાર જવા આદેશ આપ્યો હતો. આજે દિવસ દરમિયાન તેમને સદનની કાર્યવાહીમાં ભાગ ન લેવાનું સૂચન આપ્યું છે.આજે સદનમાં રજૂ થનારા 'કેગ' રિપોર્ટના કારણે વિપક્ષ આમ આદમી પાર્ટીએ વિરોધ કર્યો હતો. ભારે હોબાળાના કારણે સ્પીકરે વિપક્ષ નેતા આતિશી અને આપના ૨૨ ધારાસભ્યોને સદનની બહારનો રસ્તો બતાવ્યો હતો. સદનની કાર્યવાહી શરૂ થતાં જ હોબાળો શરૂ કર્યો હતો. સદનની બહાર પણ વિપક્ષે સરકાર પર આક્ષેપબાજી કરી હતી. દિલ્હી વિધાનસભામાં આજે 'કેગ' રિપોર્ટ રજૂ થવાનો છે. આ રિપોર્ટમાં આમ આદમી પાર્ટી પર મુખ્યમંત્રી આવાસ અને મોહલ્લા ક્લિનિક્સના રિનોવેશનમાં કથિત ગેરરીતિઓનો ઉલ્લેખ છે. 'કેગ' રિપોર્ટના કારણે દિલ્હીની ભાજપ સરકાર આમ આદમી પાર્ટી અને અરવિંદ કેજરીવાલ પર પ્રહારો કરવા તૈયાર છે. લેફ્ટનન્ટ ગવર્નરે પોતાના અભિભાષણમાં કહ્યું હતું કે, સરકાર પાંચ ટોચના મુદ્દાઓ પર કામ કરશે. જેમાં યમુના સફાઇ, પ્રદુષણ, ભ્રષ્ટાચારમુક્ત શાસન, બિનસત્તાવાર કોલોનીનું નિયમિતકરણ સામેલ છે. ઉપરાજ્યપાલે અભિભાષણમાં ભાજપ ધારાસભ્ય મોદી-મોદીના સુત્રોચ્ચાર કરી રહ્યા હતાં. બીજી બાજુ સદનની બહાર કરવામાં આવેલા આપના ધારાસભ્યોએ બાબા સાહેબ આંબેડકરની તસવીર સાથે દેખાવો કર્યા હતા. તેમણે કહ્યું કે, ભાજપ માટે બાબા સાહેબ કરતાં પણ મોદી મોટા છે. આતિશીએ નિવેદન આપ્યું કે, ભાજપની સીએમ ઓફિસ, અને મંત્રીઓના કાર્યાલયોમાંથી બાબા સાહેબની તસવીર હટાવી મોદીની તસવીર લગાવવામાં આવી છે.આજે દિલ્હી વિધાનસભામાં રજૂ થનારા 'કેગ' રિપોર્ટ અંગે દિલ્હી ભાજપ પ્રમુખ વીરેન્દ્ર સચદેવાએ કહ્યું કે, 'કેગ' રિપોર્ટ આપના કાળા કારનામાનો રેકોર્ડ છે. ચૂંટણી દરમિયાન અમે દિલ્હીના લોકોને વચન આપ્યું હતું કે જેણે પણ ભ્રષ્ટાચાર કર્યો છે તેને જવાબ આપવો પડશે. આજે આપણે આશા રાખીએ છીએ કે એલજીના ભાષણ પછી, જ્યારે 'કેગ' રિપોર્ટ રજૂ કરવામાં આવશે, ત્યારે દિલ્હીના લોકો સમક્ષ બધા કાળા કારનામા જાહેર થશે. દિલ્હી વિધાનસભાના બીજા દિવસે આજે વિરોધ પક્ષના નેતા આતિશી સહિત ૧૩ આપ ધારાસભ્યોને આખા દિવસ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

# શહેરીજનોને મહાશિવરાત્રીના દિવ્ય પર્વની શુભેચ્છા પાઠવતા ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ

રાજકોટઃ વિધાનસભા ૬૮-રાજકોટના ધારાસભ્ય ઉદય કાનગડએ આવતીકાલે તા.૨૬/૨ના રોજ મહાશિવરાત્રીના પાવન પર્વની શહેરીજનોને ભકિતસભર શુભેચ્છા આપતા જણાવ્યુ છે કે મહાશિવરાત્રી એ ભારતમાં ઉજવાતા મુખ્ય તહેવારોમાથી એક છે. ત્યારે સ્વયંભુ ગણાતા બ્રહ્મા, વિષ્ણુ અને મહેશમાં શંકરને સદાશિવ કહેવાય છે. શિવનું મંદિર શાસ્ત્રોકત દ્દષ્ટિએ જીવનમાં માનવદેહ

અને મનનું પ્રતિક અને ભાવના બની રહે છે. હિન્દુ ભકતો દ્વારા ખૂબ જ આસ્થા અને ઉત્સાહ સાથે આ દિવસે શિવજીની આરાધના કરવામા આવે છે. શિવજીને મહા માસની અંધારી ચૌદશ રાત્રિ અતિ પ્રિય છે તેથી તેને મહાશિવરાત્રી કહેવાય છે. શિવરાત્રીને દિવસે દ્વાપર યુગનો પ્રારંભ થયો હતો તેમ માનવામાં આવે છે તેમજ પ્રથમ જયોર્તિલીંગ પણ શિવરાત્રીને દિવસે જ પ્રગટ થયું હતું. પ્રાચિન કથા અનુસાર



સમુદ્રમંથન સમયે સૌપ્રથમ જયારે હળાહળ ઉત્પન્ન થયું ત્યારે દેવો કે દાનવો કોઈ તેનો સ્વીકાર કરવા તૈયાર ન થયા, કેમકે હળાહળ (અતિ ભયાનક વિષ) એટલુ ખતરનાક હતું કે જો તે પૃથ્વી પર પડે તો સમર્ગ જીવસૃષ્ટિનો નાશ કરી દે. જયારે તે હળાહળનું શું કરવું તેવો પ્રશ્ન દેવોએ ભગવાન વિષ્ણુને પુછ્યો ત્યારે વિષ્ણુએ કહ્યું કે તેઓ શિવજી પાસે સહાય માંગે, અને શિવજીનો સંપર્ક કરતા તેમણે જીવમાત્ર તરફની અનુકંપાને કારણે તે હળાહળ પી લીધુ. આમ આ ઘટના સાથે શિવરાત્રિને જોડવામાં આવે છે.મહાશિવરાત્રી માનવને જીવમા થી શિવ બનવાની પ્રેરણા આપે છે. સૃષ્ટિને શિવત્વનો સંદેશ સભળાવે છે. મહાશિવરાત્રીએ દ્વાદશ જયોર્તિલીંગની સ્વયંભુ ઉત્પતી થઈ હતી.વળી દ્વાપર યુગનો પ્રારંભ પણ આ જ દિવસે થયો હતો તેથી આ દિનનો ઘણો મહીમા છે. ત્યારે અંતમાં ઉદયભાઈ કાનગડએ જણાવેલ કે મહાશિવરાત્રીના દિવસે સૌ ભાવિકો શિવપૂજન કરી શિવપૂજામાં લીન થઈ ધન્યતા અનુભવે છે. તેમાંયે જુનાગઢ મહાશિવરાત્રી નો મેળો તો મીનીકુંભ તરીકે જગવિખ્યાત છે. જેમા દેશભરથી ભાવિકો સન્યાસીના દર્શનનો લ્હાવો લે છે અને ભક્તિરસમાં તરબોળ થાય છે, ત્યારે આવતીકાલે સમગ્ર રાજકોટના શિવાલયો 'બમ બમ ભોલે' ના નાદથી ગુંજી ઉઠશે. શહેર શિવભક્તિના રંગાશે અને સત્યમ શિવમ સુંદરમના ત્રિગુણનો શહેરના ખમીરવંતા પ્રજાજનો સાક્ષાત્કાર કરે તેવી શુભકામના ધારાસભ્ય ઉદયભાઈ કાનગડએ પાઠવી હતી.



# રાજકોટ એસ.ટી. બસ સ્ટેશનમાં ચિક્કાર ભીડ, તમામ બસો ભરચક્ક

## જૂનાગઢ ખાતે મહાશિવરાત્રિ મેળામાં જવા વહેલી સવારથી મોટી સંખ્યામાં લોકો ઉમટ્યા

રાજકોટઃ રાજકોટ એસ.ટી. બસ સ્ટેશનમાં આજે વહેલી સવારથી મુસાફરોની ચિક્કાર ભીડ જોવા મળી હતી. તમામ બસો ભરચક્ક થઇ રહી હતી. જેમાં ખાસ કરીને જૂનાગઢ ખાતે મહાશિવરાત્રિ મેળામાં જવા વહેલી સવારથી મોટી સંખ્યામાં લોકો ઉમટ્યા હતા. જૂનાગઢ જવા માટે એસ.ટી. નિગમ દ્વારા ખાસ બસોની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. જેનો મોટી સંખ્યામાં લોકો લાભ લઇ રહ્યા છે. હજુ આવતીકાલે મહા શિવરાત્રિ પર્વે એસ.ટી. વિભાગ દ્વારા બસની સુવિધા વધારવી પડે એટલી જનમેદની ઉમટી પડવાની ધારણા છે.

# સમગ્ર વિશ્વ ભારત માટે આશાવાદી' : વડાપ્રધાન મોદી

ભોપાલ,તા.૨૫

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે મધ્ય પ્રદેશના ભોપાલમાં ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમિટ (જીઆઇએસ) ૨૦૨૫નું ઉદઘાટન કર્યું હતું. અહીં જનમેદનીને સંબોધતા તેમણે આ કાર્યક્રમમાં પહોંચવામાં વિલંબ થવા બદલ માફી માંગી હતી, કારણ કે ૧૦મા અને ૧૨મા ધોરણના વિદ્યાર્થીઓ માટે બોર્ડની પરીક્ષાઓ હતી અને આ કાર્યક્રમમાં તેમના સુરક્ષાના પગલાંથી વિદ્યાર્થીઓને અસુવિધા થઈ શકે તેમ હતી. મોદીએ જણાવ્યું હતું કે, રાજા ભોજની ભૂમિમાં રોકાણકારો અને વ્યાવસાયિક આગેવાનોનું સ્વાગત કરવું એ તેમના માટે ગર્વની વાત છે. તેમણે ઉમેર્યું હતું કે, આજનો કાર્યક્રમ વિકસિત મધ્યપ્રદેશ તરીકે મહત્ત્વપૂર્ણ છે. વિકસિત મધ્યપ્રદેશ વિકસિત ભારત તરફની યાત્રામાં જરૂરી છે. તેમણે શિખર સંમેલનનાં અદભૂત આયોજન માટે મધ્યપ્રદેશની સરકારને અભિનંદન આપ્યાં હતાં.

નસમગ્ર વિશ્વ ભારત માટે આશાવાદી છે.સ્ત્ર મોદીએ કહ્યું હતું કે, નભારતના ઈતિહાસમાં આ પ્રકારની તક સૌપ્રથમ વખત સામે આવી છે. તેમણે ઉમેર્યું હતું કે, સામાન્ય નાગરિકો હોય કે નીતિગત નિષ્ણાતો હોય, સંસ્થાઓ હોય કે દુનિયાનાં દેશો હોય, દરેકને ભારત પાસેથી ઘણી અપેક્ષાઓ છે. તેમણે પ્રકાશ પાડ્યો કે ભારત વિશે છેલ્લા કેટલાક અઠવાડિયામાં મળેલી ટિપ્પણીઓથી રોકાણકારોનો ઉત્સાહ વધશે. વિશ્વ બેંક દ્વારા તાજેતરમાં ભારત સૌથી વધુ ઝડપથી વિકસતું અર્થતંત્ર બની રહેશે તેવા નિવેદનને યાદ કરીને પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, ઓઈસીડીના એક પ્રતિનિધિએ કહ્યું હતું કે, નવિશ્વનું ભવિષ્ય ભારતમાં છે.સ્ત્ર તેમણે ઉમેર્યું હતું કે, તાજેતરમાં જ જળવાયુ પરિવર્તન પર સંયુક્ત રાષ્ટ્રની એક સંસ્થાએ ભારતને સૌર ઊર્જાની મહાસત્તા જાહેર કરી છે. આ સંસ્થાએ એ વાતનો પણ ઉલ્લેખ કર્યો છે કે ઘણા દેશો માત્ર વાતો કરે છે, પરંતુ ભારત પરિણામ આપે છે. શ્રી મોદીએ નોંધ્યું હતું કે, એક નવા અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, કેવી રીતે ભારત વૈશ્વિક એરોસ્પેસ કંપનીઓ માટે ઉત્કૃષ્ટ સપ્લાય ચેઇન તરીકે ઉભરી રહ્યું છે. આ કંપનીઓ ભારતને વૈશ્વિક સપ્લાય ચેઇન પડકારોના સમાધાન તરીકે જુએ છે. પ્રધાનમંત્રીએ ભારત પર દુનિયાનો વિશ્વાસ દર્શાવતા વિવિધ ઉદાહરણો ટાંક્યા હતા. જે દરેક ભારતીય રાજ્યનો આત્મવિશ્વાસ પણ વધારી રહ્યો છે. તેમણે કહ્યું હતું કે, આ વિશ્વાસ મધ્યપ્રદેશમાં ગ્લોબલ સમિટમાં જોવા મળે છે.

પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, નછેલ્લાં એક દાયકામાં ભારતમાં માળખાગત સુવિધાઓમાં તેજી જોવા મળી છે.સ્ત્ર અને ટિપ્પણી કરી હતી કે, આ વિકાસથી મધ્યપ્રદેશને ઘણો લાભ થયો છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે, જે બે મુખ્ય શહેરોને જોડે છે, તે એમપીમાંથી નોંધપાત્ર રીતે પસાર થાય છે. જે મુંબઈનાં બંદરો અને ઉત્તર ભારતનાં બજારોને ઝડપથી કનેક્ટિવિટી પ્રદાન કરે છે. તેમણે એ બાબત પર પણ પ્રકાશ પાડ્યો હતો કે, અત્યારે મધ્યપ્રદેશમાં પાંચ લાખ કિલોમીટરથી વધારેનું રોડ નેટવર્ક છે. તેમણે નોંધ્યું હતું કે, એમપીનો ઔદ્યોગિક કોરિડોર આધુનિક એક્સપ્રેસવે સાથે જોડાયેલો છે, જે લોજિસ્ટિક્સ ક્ષેત્રમાં ઝડપી વૃદ્ધિ સુનિશ્ચિત કરે છે. હવાઈ જોડાણ અંગે વાત કરતાં મોદીએ જણાવ્યું હતું કે, હવાઈ જોડાણ સુધારવા માટે ગ્વાલિયર અને જબલપુર એરપોર્ટ પર ટર્મિનલનું વિસ્તરણ કરવામાં આવ્યું છે.



# મહાશિવરાત્રી શિવભક્તિનું પર્વ

શિવરાત્રી એટલે ભગવાન શંકરને એટલે કે શિવને સમર્પિત થવાનો દિવસ. દર મહિનાની વદ ચૌદસ શિવરાત્રી કહેવાય છે, જ્યારે લોકો જેને સામાન્ય રીતે શિવરાત્રી તરીકે ઉજવે છે તે દિવસ મહા વદ ચૌદસ ખરેખર મહાશિવરાત્રીનું પર્વ છે. વેદો-પુરાણો અનુસાર શિવરાત્રીને દિવસે દ્વાપરયુગનો પ્રારંભ થયો હતો તેમ માનવામાં આવે છે અને વળી પ્રથમ જ્યોતિર્લિંગ પણ શિવરાત્રીને દિવસે જ પ્રગટ થયું હતું. મહા વદ ચૌદસને દિવસે આવતું મહાશિવરાત્રીનું વ્રત માનવને શિવ બનવાની પ્રેરણા આપે છે. (શિવનો એક અર્થ કલ્યાણકારી  મંગલકારી) સકલ સૃષ્ટિને તે શિવત્વનો સંદેશ સંભળાવે છે. શુભચિંતન અને સતત જાગૃતિપૂર્વક આ વ્રતનું પાલન કરવામાં આવે તો એક જ રાતમાં માનવ શિવત્વને પામી શકે, અલબત્ત એ રાત્રી કેટલી લાંબી હશે એ માણસના મનમાં શિવત્વ પામવાની ઈચ્છા પર નિર્ભર કરે છે અને સાચી ઈચ્છા, સમર્પણ અને વિશુદ્ધ ભાવના હોય તો શિવત્વ મેળવી શકાય એ વાતમાં કોઈ શંકા નથી છે. શિવરાત્રીના વ્રત સાથે એક પૌરાણિક કથા જોડાયેલી છે. શિવરાત્રીના દિવસે એક પારધીના થયેલા હૃદય પરિવર્તનની પૌરાણિક કથાની તો આપણને જાણ છે જ. હરણાંઓના વચન પર વિશ્વાસ રાખીને પારધી તેમને તેમના બાળકોને મળવા જવાની રજા આપે છે. માંડ મળેલા એક શિકારરૂપી હરણાંની રાહ જોઈ પારધી આખી રાત બીલીના વૃક્ષની નીચે બેસી રહે છે અને બીલીનાં પાંદડાં તોડી તોડીને નીચે નાખ્યા કરે છે. આખા દિવસનો ઉપવાસ, રાત્રી જાગરણ અને બીલીપૂજા અને વૃક્ષની નીચે રહેલા શિવલિંગનું અનાયાસ થયેલું પૂજન, આ બધી વાતો તેનામાં એક વિશિષ્ટ વાતાવરણ મનોદશા સર્જે છે. અને તેમાંય સવાર થતાં જ બચ્ચાં સાથે મરવા માટે પાછા આવેલા હરણ પરિવારની કરુણા, વાત્સલ્ય અને વચનપાલન જોઈને તેનું દિલ દ્રવી જાય છે. આ માનવ ચાર પગવાળા પ્રાણીઓને તેમની મહાનતા, સચ્ચાઈ અને વચનપાલન માટે વંદન કરે છે અને તેનામાં શિવત્વ એટલે કે કલ્યાણકારી  મંગલકારી ભાવના પ્રગટ કરે છે.

ભારતભરમાં જ્યાં જ્યાં શિવનાં મોટાં મંદિરો છે ત્યાં ભવ્યતાથી આ ઉત્સવ ઉજવાય છે. ગિરનારની ગોદમાં શિવરાત્રીના દિવસે ભરાતો ભવનાથનો મેળો અલખના આરાધકોનું મિલન સ્થળ છે, જ્યાં ભારતભરના સાધુ-સંતો ભેગા થાય છે. જે ભારતમાં કુંભના મેળા પછી બીજા સ્થાને આવે છે. ભવનાથના મેળાનું મુખ્ય આકર્ષણ શિવરાત્રીના રોજ રાત્રે ૯ વાગ્યેથી નિર્વસ્ત્ર બાવાઓનું સરઘસ છે. આ સરઘસમાં અલગ અલગ જગ્યાએથી આવેલા સાધુ-સંતો પોતપોતાના રસાલા, ધર્મધજા અને ધર્મદંડ સાથે પોતાના શિષ્યો સાથે નીકળે છે. જેમાં બાવાઓના ભાલા, તલવાર તથા પટાબાજીના ખેલ અને લાઠીના હેરતભર્યા પ્રયોગો જોવા લોકો ઊમટી પડે છે. આ સરઘસ ફરતું ફરતું છેલ્લે ભવનાથ મંદિરના બીજે દરવાજેથી બાજુમાં આવેલ મૃગીકુંડ પાસે આવે છે. ત્યાર બાદ બાવાઓ અન્ય સાધુ-સંતો અને મહંતો વારાફરતી આ મૃગીકુંડમાં સ્નાન કરવા પડે છે. જેમ કુંભના મેળામાં શાહીસ્નાનનું મહત્ત્વ છે તેમ આ ભવનાથના મેળામાં મૃગીકુંડમાં સ્નાનનું મહત્ત્વ ખૂબ જ છે. કહેવાય છે કે આ કુંડમાં નહાવા પડેલ અમુક સાધુઓ બહાર આવતા નથી અને ત્યાંથી જ અદૃશ્ય થઈ જાય છે.

ૐકારા

કર્મ એજ ધર્મ

સનાતન એજ સત્ય

આત્મા એજ પરમાત્મા

સનાતન પુનઃઉત્થાન અને સ્થાપનાના મહાસંકલ્પના ધારક



## પ.પુ. શ્રી ૐ કારા પ્રભુ - ૐ દાદા

હું સૌનો સૌ અમારા, સૌનું સૌને અર્પણ

**: સ્થાપક :**

(૧) ૐકારા સંપ્રદાય (૨) ૐદાદા ફાઉન્ડેશન (૩) ૐકારા મહાસંઘ

**જ્યારે કાંઈ ન હોય ત્યારે ધૈર્યની પરીક્ષા થાય છે અને જ્યારે બધું હોય છે ત્યારે વ્યવહારની પરીક્ષા થાય છે.**
**કર્મો પ્રત્યે સજાગ રહીએ...**

1. Facebook.com/omkaraprabhuji
2. Instagram.com/omkaraprabhuji
3. X.com/omkaraprabhuji
4. Youtube.com/@omkaraprabhuji
5. whatsapp.com/channel/0029VaE9O9e2v1Ip5ipCAR3n

ૐ જ છે આસ્થા,
ૐ માં છે વિશ્વાસ ૐમાં
છે શક્તિ, ૐમાં છે
સંસ્કાર ૐ થી જ થાય છે
સારા દિવસની શરૂઆત
બોલો ૐ ૐ ૐ


7 ACRE OF GRANDIOSITY
IN THE HEART OF RAJKOT
SAPPHIRE
Skyline
Magnificent
4 BHK Flats & Penthouses
KALAVID
Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
JS
GROUP
@ KALAWAD ROAD,
NEAR CRYSTAL MALL
Contact Us. 73000 60030 • 92746 11111

Since 2003
RAVI ENGLISH INSTITUTE ®
A/C Class
Ravi ENGLISH INSTITUTE
Where Growth is A Way of Life
SPOKEN ENGLISH

## અંગ્રેજી આટલું સરળ?
## એક વખત અચૂક મુલાકાત લો...

Learn English Language with
MONEY BACK GUARANTEE...

### અમારી વિશિષ્ટતાઓ...

- બધા લેવલ એક જ ફી માં કરાવતી એકમાત્ર સંસ્થા.
- **ધોરણ ૫ થી ૧૨ નું અંગ્રેજી વિષય નું શિક્ષણ પણ મેળવો.**
- દરેક બેચમાં **મર્યાદીત સંખ્યા** અને **વ્યક્તિગત માર્ગદર્શન.**
- ડેઈલી- વિકલી- મંથલી રીવીઝન સીસ્ટમ.
- **પ્રોજેક્ટર + કોમ્પ્યુટર દ્વારા આધુનિક શિક્ષણ.**
- **૧૦,૦૦૦ જેટલા વાક્યો તેમજ ૧૦,૦૦૦ જેટલા શબ્દોનું જ્ઞાન પિરસતી એકમાત્ર સંસ્થા.**
- જીરો (૦) લેવલથી શરૂ કરી અંગ્રેજી નાં વક્તા બની સર્ટીફીકેટ મેળવવા સુધીની સફર.
- આ ઉપરાંત પબ્લીક સ્પીકીંગ, ગ્રુપ ડિસ્કશન, રોલ પ્લેયીંગ, ડિબેટ્સ, ઈન્ટર્વ્યુ ટેકનિક્સ, કર્સીવ રાઈટીંગ તો ખરૂ જ..



૧૦૦% રીઝલ્ટ ઓરીએન્ટેડ ગેરેન્ટી

ત્રણ દિવસ ફ્રિ સેમિનાર

ટૂંક સમયમાં નવી સ્પોકન ઇંગ્લીશ બેચીઝ શરૂ...

: હેડ ઓફીસ : Mo.98793 29391
''શ્રી હરિ કોમ્પલેક્ષ'' પહેલા માળે, યુનિ. રોડ, ધોળકીયા સ્કુલ સામે, બોમ્બે હાઉસીંગ સોસાયટી મેઈન રોડ, શેરી નં. ૭ નો ખુણો, રાજકોટ.

: બ્રાન્ચ ઓફીસ : Mo.98245 81306
૧૫૦ ફુટ રીંગ રોડ, બાલાજી હોલ પાછળ, ધોળકીયા સ્કુલ પાસે, સાગર ચોક, શિવમ કોમ્પલેક્ષ, પહેલા માળે, રાજકોટ.

Follow us : Ravi English Institute

Mo: 9974378783 / 9998500131

# HII.. Creation

## ચણિયાચોળી તેમજ શૂટ-શેરવાની ભાડેથી મળશે

૨-૧૩, ગુંદાવાડી, રાજકોટ Hii.Creation.11



SAPPHIRE GOLD

Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
RAJKOT | MUMBAI | AHMEDABAD
jmjprojects.in

# સેફાયર છે ને.. !!
# શું કામ ન મળે સપનાનું ઘર...

**2 BHK Flats**
**618 Carpet**

**3 BHK Flats**
**824 Carpet**

**એકવાર સેમ્પલ ફ્લેટ તો જુઓ, બીજું કંઇ નહીં ગમે...**

@ Raiya Road, Opp. Tulsi Super Market, Rajkot

Contact : **94038 90004**

RERA Reg. No.: PR/GJ/RAJKOT/RAJKOT/Others/MAA 12629/111123
Web : gujrera.gujarat.gov.in

નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

Daily Morning Newspaper



## ડિજિટલ ભારતની સાથે
## તમે પણ બનો ડિજિટલ...





**તમારા ધંધા-વેપારની જાહેરાત 'સામના મિરર'માં આપી આપના વ્યવસાયને પહોંચાડો લાખો વાંચકો સુધી...**



મોબાઇલમાં નિયમિત સમાચારો મેળવવા

**વોટ્સએપ પર**



**Hi લખીને મોકલો**

**98983 17826**

**અને જોડાઇ જાવ અમારી સાથે...**

# PROPERTY ZONE

(૧) મનહર પ્લોટ શેરી નંબર સાતમાં પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે સામે ખેતીલાયક જમીન ચાલશે ૮૦.હજાર ભાડાની આવક સાથે સામે ખેતીની જમીન ચાલશે

(૨) રૈયા રોડ પર ૩૫૮ વાર જગ્યા વેચવાની છે દરેક ધંધાને અનુરૂપ રોડ ટચ

(૫) પંચવટી સોસાયટી ૩૦૫ વાર પ્લોટ વેચવાનો છે

(૬) પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે ત્રણ બેડરૂમ હોલ કિચન લોકેશન સુભાષ નગર મેઈન રોડ

(૭) રૈયા રોડ આલા ગ્રીન સિટી પાસે ૨ બીએચકે નો ફ્લેટ વેચવાનો છે ૬૮૦ કાર્પેટ, લકઝરી ફર્નિચર સાથે સાતમો માળ

**રાજકોટના પોર્સ વિસ્તારમાં પ્રોપર્ટી લે-વેચ કરવા માટે અમારો સંપર્ક કરવો**

**મોબાઈલ નં. ૯૯૨૪૧ ૪૭૦૫૯ રમેશભાઈ વાગડીયા**

# તાત્કાલિક કસમાં ચાલુ વ્યવસાય સાથેનો શોરૂમ વેચવાનો છે

**કાલાવડ રોડ પરિમલ સ્કુલ ની સામે જયસીયારામ ટીસ્ટોલની બાજુમાં મોં. 98983 17826**


લાઈફ ટાઈમ*
ડિમેટ એકાઉન્ટ ફ્રી
AM TRADING
ફ્રી એડવાઈઝરી
EQUITY STOCK
IPO/SME IPO
OPTION TRADING
NIFTY BANK NIFTY
COMODITY
CURRANCY
Design by:- With Me Digital : 9537300305
દરરોજ ફ્રી માહિતી મેળવવા માટે આપેલ QR CODE SCAN કરીને જોઈન કરો.
Mayuri Bagadai
63555 17630
AM trading
am_trading71


VS
GRAPHICS
આપના
ન્યુઝ પેપરને
આપીશુ એક
નવી ઉંચાઈ
મહેનત અમારી,
સફળતા તમારી
સચોટ માર્ગદર્શક
અદ્‌ભુત લે-આઉટ
અવનવી તસવીરો સાથે
M : 94097 57062